6.2

22

Lalpatram L. Mehta

7-2-53. Sat.

Ahmedabad.

૨૨

‘સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય’

# અવધૂત ગીતા

(ભગવાન દત્તાત્રેય પ્રણીત)

*

અનુવાદકો :
શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકર
શાસ્ત્રી પ્રતાપરાય પ્રજારામ ભટ્ટ

*

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ ૨

*

સવા રૂપિયો

આવૃત્તિ : બીજી
સંવત : ૨૦૦૩
પ્રત : ૪૫૦૦

[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: અમદાવાદ

ૐ　કાશી. મંગળ તા. ૧૬-૮-૫૫
શ્રાવણ કૃષ્ણ-૧૩. સં ૨૦૧૧.

કેવલં શાસ્ત્ર માશ્રિત્ય, ન કર્તવ્યો વિનિર્ણયઃ
યુક્તિહીન વિચારેતુ, ધર્મ હાનિઃ પ્રજાયતે.

# નિવેદન

આ પુસ્તકની ૧લી આવૃત્તિ સં. ૨૦૦૦માં પ્રસિદ્ધ થયેલી. અને તેનો અનુવાદ શાસ્ત્રી પ્રતાપરાય પ્રજારામ ભટ્ટે કરેલો. આ બીજી આવૃત્તિ વધુ સરળ અને ભાવવાહી બને એ માટે શાસ્ત્રી ગિરિજાશંકર મયાશંકરે એમાં ઘણા સુધારાવધારા કરી આપ્યા તે આમાં લેવાયા છે. આમ આ બીજી આવૃત્તિ તદ્દન નવા સ્વરૂપે જ પ્રસિદ્ધ થાય છે. આગલી આવૃત્તિના નિવેદનમાં જે વિચાર દર્શાવેલા તે ફરી અહીં નીચે અવતરણમાં આપ્યા છે.

" અદ્વૈત એ અધ્યાત્મવિદ્યાનું છેલ્લું પગથિયું છે. ત્યાં પહોંચ્યા પછી બીજાં સાધનો બિનજરૂરી થઈ જાય છે; પણ તે ઈશ્વરના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. એ મહાન સત્ય આ ગીતાના પ્રથમ શ્લોકમાં જ કહેલું છે. અદ્વૈત એટલે ઈશ્વર સાથેની એકતા—એ વિચારથી ભડકવાની જરૂર નથી. ભક્તિની એ પરાકાષ્ઠા છે અને તે ગીતામાં પણ બતાવવામાં આવી છે. જે શાશ્વત અવ્યય પદ પરમેશ્વરના પ્રસાદથી મળે છે તે જ આ :—

भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥

ગીતા અ. ૧૮, શ્લો. ૫૫

"અર્થાત્ હું જેટલો (પરિમાણુવાળો) તથા જે (સ્વરૂપવાળો) છું તેવા મને (જ્ઞાની) ભક્તિ વડે યથાર્થ જાણે છે; એમ મને તત્ત્વથી જાણીને તે પછી મારામાં પ્રવેશે છે.

"આમ ઇશ્વરમાં પ્રવેશ કરવો એ જ અદ્વૈતની ભાવનાનું ફળ છે; એટલે ભક્તિ, જ્ઞાન, યોગ વગેરે સાધનો જુદાંજુદાં હોઈ એ સર્વનું અંતિમ ધ્યેય તો એક જ છે.

"યોગવિદ્યા–બ્રહ્મવિદ્યાના સાહિત્યમાં અગ્રસ્થાન ધરાવનાર, આધારભૂત અને સર્વમાન્ય એવા આ પુસ્તક 'અવધૂત ગીતા'નું પ્રકાશન કરતાં અમને હર્ષ થાય છે. વિષય કઠિન છે, પણ જેઓ અભ્યાસ અને ધ્યાનથી મચ્યા રહે છે તેને ઇશ્વર–જેમ તુકારામ મહારાજ કહે છે તેમ–'હાથ પકડીને' આગળ લઈ જાય છે.

"ભગવાન દત્તાત્રેય (અવધૂત) બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિપુટીના અંશાવતાર મનાયા છે. તે મહાન ઋષિ હતા. સમર્થ શિક્ષક હતા. છેવટની જ વાતો તેમણે આ ગ્રંથમાં ઉપદેશી છે; તે જગતમાં આધ્યાત્મિક વિષયોમાં ગોથાં ખાતા મુમુક્ષુઓને સન્માર્ગે લઈ જવાની તેમની દયા અને અનુકમ્પાનું પરિણામ છે.

"શ્રીમદ્ ભાગવતના ત્રીજા અધ્યાયમાં દત્તાત્રેય (જે અવધૂત તરીકે પણ જાહેર થયેલા છે) તેમને માટે લખ્યું છે, કે 'છઠ્ઠા અવતારમાં અત્રિ ઋષિની પ્રાર્થનાને લીધે અનસૂયાથી તેમના પુત્રરૂપે (દત્તાત્રેય તરીકે) ઉત્પન્ન થયા અને અલર્ક રાજાને તથા પ્રહ્લાદ વગેરેને આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો.'

"આ ઉપદેશ એ જ આ 'અવધૂત ગીતા' છે, એમ અમારું માનવું છે. દત્તાત્રેય (છઠ્ઠો અવતાર), મત્સ્ય (દસમો), વારાહ (અગિયારમો), નૃસિંહ (ચૌદમો), વામન (પંદરમો), એનાથી પણ

ઘણા કાળ પહેલાંનો હતો. વ્યાસ (સત્તરમો), રામચંદ્ર (અઢારમો), કૃષ્ણ (વીસમો) અને બુદ્ધ (એકવીસમો) એ સર્વ તો પછીથી ઘણે સમયે થયા, એમ ભાગવતમાં વર્ણન આપેલું છે; એટલે ધર્મશાસ્ત્રોમાં અત્યંત પ્રાચીન અને આદિ શિક્ષણ 'અવધૂત ગીતા'નું છે એમ કહી શકાય.

× × × ×

"કાલીકમલીવાળા સ્વામી વિશુદ્ધાનંદજીના 'પક્ષપાતરહિત અનુભવપ્રકાશ' નામના ગ્રંથમાં 'પ્રહ્લાદ આખ્યાન' નામનું પ્રકરણ આવા જ ઉપદેશોથી ભરેલું છે; અને અવધૂતે પ્રહ્લાદને આપેલું શિક્ષણ તેમાં આલેખેલું છે. આ સંવાદો કલ્પિત છે, ઐતિહાસિક નથી; પણ વેદાંતશાસ્ત્રના પારંગત યોગીએ લખેલા છે અને તે ઉપયોગી હોવાથી તેમાંથી થોડોક ભાગ આ ગ્રંથની છેવટે પરિશિષ્ટ રૂપે આપ્યો છે, તે જિજ્ઞાસુઓને ઉપયોગી થઈ પડશે એવી આશા છે."

× × × ×

મુંબઈ,
તા. ૧૪-૧૦-'૪૭

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

# પ્રસ્તાવના

लब्ध्वा सुदुर्लभमिदं बहुसम्भवान्ते
मानुष्यमर्थदमनित्यमपीह लोके।
तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन्
निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात् ॥

(શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૧, અ. ૯, શ્લોક ૨૯.)

અર્થ—ઘણા જન્મોના અંતે આ મનુષ્યદેહ મળે છે, જે મનુષ્યદેહ નાશવંત હોવા છતાં પણ પુરુષાર્થ આપનાર છે, તેને વેચ્છાથી સંપાદન કરી ધીર પુરુષે તે દેહ જ્યાં સુધી પડે નહિ, ત્યાં સુધીમાં જલદીથી કલ્યાણ માટે પ્રયત્ન કરવો. વિષયનું સુખ તો પશુ, પંખી વગેરેના જન્મોમાં પણ મળે છે, તે સારુ પ્રયત્ન કરવો નહિ.

પ્રભાસક્ષેત્રમાં **યાદવાસ્થળી** થયા પછી ભગવાન શ્રીકૃષ્ણ પોતાનું અવતારકાર્ય પૂર્ણ થતાં, સ્વધામમાં પધારતા હતા. તે સમયે પોતાના પરમ ભક્ત ઉદ્ધવજીને ઉપર જણાવેલો છેલ્લો ઉપદેશ આપતાં કહેલું, કે 'પશુ વગેરેના શરીરમાં પણ હિત તથા અહિત સમજવા માટે જીવ પોતે જ પોતાનો ગુરુ બને છે. મનુષ્યો તો પ્રત્યક્ષ અને અનુમાન-પ્રમાણો વડે પોતાનું હિતાહિત તરત સમજી શકે છે. મનુષ્ય પોતે જ પોતાને વિષયવાસનામાંથી બહાર કાઢી શકે છે. તેને ગુરુના ઉપદેશની કંઈ જરૂર રહેતી નથી. સંશય અને વિપરીત વાસના દૂર થઈ જતાં જ પોતાની મેળે જ્ઞાનપ્રાપ્તિ થાય છે.' એ પ્રમાણે દત્તાત્રેયે પોતે પોતાની મેળે જ પૃથ્વી, વાયુ, આકાશ આદિ ચરાચર પદાર્થોનું બારીક નિરીક્ષણ કરી તેને પોતાના ગુરુ માનીને, તેઓના અનુકરણીય શ્રેષ્ઠ ગુણો ગ્રહણ કરીને પરમાત્મજ્ઞાનપૂર્વક

અવધૂતની પદવી પ્રાપ્ત કરી હતી.

આ અમૃતમય ઉપદેશમાં ભવબંધનમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે સુંદર માર્ગદર્શન છે. તેવું જ પણ વિશેષ માર્ગદર્શન અને બ્રહ્મપ્રાપ્તિનો સુનિશ્ચિત ઉપાય આ અવધૂતગીતામાં દત્તગુરુએ સર્વલોકહિતાર્થે સારી પેઠે સમજાવેલ છે. જે પ્રત્યેક પાઠકને ગ્રંથનો મનન કરતાં અનુભવમાં આવ્યા વગર રહેશે નહિ.

અવધૂત ગીતા એટલે અવધૂતે ગાયેલી ગીતા. અવધૂત એટલે જગતની સર્વ જંજાળોને છેદીભેદીને બિલકુલ મુક્ત થયેલો મસ્ત ફકીર. અવધૂત કોને કહેવો અને તેનાં લક્ષણો શાં? તેનું સ્પષ્ટ નિરૂપણ આ ગીતાના આઠમા અધ્યાયના છઠ્ઠાથી લઈ નવમા શ્લોકમાં આપવામાં આવેલ છે, તે ઉપરાંત 'શ્રી અવધૂત ઉપનિષદ્'માં નીચે પ્રમાણે લાક્ષણિક વ્યાખ્યા આપેલી છે—

अक्षरत्वाद् वरेण्यत्वाद् धूतसंसारबन्धनात् ।
तत्त्वमस्यर्थसिद्धत्वाद् अवधूतोऽभिधीयते ॥ १ ॥
यो विलंघ्याश्रमान्वर्णानात्मन्येव स्थितः पुमान् ।
अतिवर्णाश्रमी योगी अवधूतः स उच्यते ॥ २ ॥

અર્થ—અક્ષરપણાથી અર્થાત્ અવિનાશીપણાથી આત્મસ્વરૂપ શિવ–વિષ્ણુસ્વરૂપ બની જવાના કારણે, વરેણ્યપણાથી અર્થાત્ પસંદ કરવા યોગ્ય અતિ ઊંચી જ્ઞાનદશાની પ્રાપ્તિ થવાના કારણે સંસારનાં સર્વ બંધનોને ફગાવી દઈને મસ્તરામ બની જવાના કારણે, અને 'तत्त्वमसि । તે તું છે' અર્થાત્ આત્મસ્વરૂપ ચેતનબ્રહ્મ તે તું જ છે, એવા અર્થજ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થવાના કારણે અવધૂત કહેવાય છે! ૧ જે પુરુષ વર્ણોના તથા આશ્રમોના ધર્મોને ઓળંગીને પોતાના આત્મામાં સ્થિત થયેલો છે, એવા વર્ણો તથા આશ્રમોના ભેદોની પાર નીકળી ગયેલો, આત્મજ્ઞાનમાં જોડાયલો જોગી અવધૂત કહેવાય છે. ૨

આ અવધૂત ગીતા જ્ઞાનમસ્ત કેવલ બ્રહ્મનિષ્ઠ ભગવાન

દત્તાત્રેયજીએ ગાયેલી–કહેલી હોવાથી તેમના જેવા બ્રહ્માનંદના રંગે રંગાયલા અવધૂતપદવીની પ્રાપ્તિ સારુ પ્રયત્નપરાયણ યતિઓ માટેની સાધન–જ્ઞાન–સામગ્રીથી ભરપૂર હોય તેમાં નવાઈ નથી. સંસારી જીવોએ કોઈ કોઈ સ્થાને નારીનિંદા વગેરે પોતાને અરુચિકર ભાસતા ઉપદેશોનું સમાધાન, ગ્રંથયોજના મૂળ કોના માટે છે તેનો વિચાર કરી મેળવી લેવા વિનતિ છે.

આ ગીતાના કહેનાર દત્તાત્રેય સ્વામી, મહર્ષિ અત્રિ તથા અને માતા અનસૂયાના પુત્ર થાય. તેઓ વિષ્ણુના અવતાર ગણાય છે, તેમણે માતાપિતાની અનન્ય ભક્તિથી પ્રસન્ન થઈ તેમને ત્યાં અવતાર ધારણ કર્યો હતો. જેના પિતા ત્રણ ગુણથી પર હોય અને માતાજી અનસૂયા એટલે ખાર–દ્વેષથી રહિત હોય, તેને ત્યાં દત્ત એટલે જેણે સઘળું આપી દીધેલ છે–ત્યાગી દીધેલ છે–એવો મહાજ્ઞાની અવતારી પુત્ર જન્મે તેમાં આશ્ચર્ય નથી. એ મહાપુરુષ જગતના જડચેતન પદાર્થો પાસેથી જ્યાં જ્યાંથી જે જે અનુસરણીય ગુણ દેખાયો, ત્યાં ત્યાંથી તે તે ગુણ નિરભિમાનપણે સંપાદન કરી, અવધૂત પદવીને પહોંચી, સર્વ લોકોના કલ્યાણ માટે જ્ઞાનનો નિત્ય ઉપદેશ કરતા સર્વત્ર વિચરતા હતા. ભગવાન શ્રીકૃષ્ણના વંશના મૂળ પુરુષ યદુરાજાને તેમણે તત્ત્વજ્ઞાનનો બોધ આપી સંસારની મૃગતૃષ્ણામાંથી મુક્ત કર્યા હતા. તેની અતિ સુબોધક કથા, શ્રીમદ્ ભાગવતના એકાદશ-સ્કંધના સાતમા, આઠમા તથા નવમા અધ્યાયોમાં ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખથી નિજ ભક્ત ઉદ્ધવજીને કહેલી છે, તે જિજ્ઞાસુઓએ ત્યાં જોઈ લેવી. 'દત્તાત્રેયજીએ 'उद्धरेदात्मनात्मानम्। આત્માનો ઉદ્ધાર આત્મા વડે કરવો' એ સિદ્ધાંતને અનુસરીને પરવશતાનો ત્યાગ કરી, સ્વાશ્રયીપણાથી પોતાના જ આત્મબળે આત્મજ્ઞાનમાં કેવી રીતે અગતિ પ્રાપ્ત કરી તેની કથા જિજ્ઞાસુ મુમુક્ષુઓએ અવશ્ય જાણવા યોગ્ય છે; એટલું જ નહિ પણ તે કથા બ્રહ્મજ્ઞાનનો માર્ગ બહુ અંશે સરળ કરી આપનારી પણ છે.

આ દત્તાત્રેય ભગવાનનું મુખ્ય ધામ આપણા ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં આવેલા ગિરનાર પર્વત ઉપર છે.* ગિરનારના મથાળે પહોંચ્યા પછી મોટું શિખર અંબાજી માતાનું આવે છે. તે મૂકીને આગળ વધતાં સર્વથી ઊંચું બીજું શિખર અવધૂત ગોરક્ષનાથજીનું આવે છે; ત્યાંથી આગળ જતાં જાણે કે પર્વતને ભેદીને લગભગ એકદમ સીધું આકાશમાં ઊંચું ઊભેલું દત્તગુરુનું શિખર દેખાય છે. તે શિખર પર આ અવધૂત ગીતાના કહેનાર ગુરુ દત્તાત્રેયનાં પગલાં એક નાની સરખી ડેરીમાં છે. શિખરની નીચેના ભાગમાં એક બાજુ પર દત્તના કમંડલુ સરખો કમંડલકુંડ આવેલો છે. શિખર ઉપરનો ચઢાવ બહુ જ સીધો હોવાથી ઉપર ચઢનારને જરા નજરચૂક થતાં અથવા પવનના સખત ઝપાટાથી નીચે ખાઈમાં ગબડી પડવાનો ભય પ્રતિપળે રહે છે. તે છતાં અસંખ્ય યાત્રાળુઓ હૃદયના ભરપૂર ભક્તિભાવ સાથે, ભારતવર્ષના ભિન્નભિન્ન ભાગોમાંથી પરિશ્રમની પરવા નહિ કરતાં એ ઉત્તુંગ શિખર 'જય ગિરનારી,' 'બમ્ ગિરનારી,' 'ગિરનારી ભરોસા ભારી' વગેરે ગર્જનાઓ કરતા દત્ત ગુરુની પાદુકાઓનાં દર્શનપૂજન માટે ચાલ્યા આવે છે; એટલું જ નહિ પણ દર વર્ષે કાર્તિક સુદ એકાદશી (દેવદિવાળી)થી પૂર્ણિમા સુધી આસપાસની લીલી ખીણોના રળિયામણા વનપ્રદેશોમાં ફરીને દત્તધામ ગિરનારની પરિક્રમા કરીને લાખો યાત્રાળુઓ પોતાનો જન્મારો સફળ થયો એમ માને છે. આ ભાષાંતર કરનારે સાધુ, સંતો, જોગી મહાત્માઓને—

> ગંગા ન્હાય ન ગોમતી, ચઢે ન ગઢ ગિરનાર,
> તીનોં પન ઐસે ગયે, ગયે જમાનો હાર.

એમ બોલતા પોતાનો જન્મારો હારી ન જતાં જીતી જવાય તે સારુ

* એ સિવાય કાશ્મીર તેમ જ નાસિક પાસે પણ દત્તનાં સ્થાનો છે. મહારાષ્ટ્રમાં દત્તભક્તિનો પ્રચાર ઘણો જોવામાં આવે છે.

ગિરનાર પર હર્ષના આવેશમાં ચઢતા અનેકવાર જોયા છે.

પૂર્ણપુરુષોત્તમ, પૂર્ણાવતારી સર્વશ્રેષ્ઠતમ સૌરાષ્ટ્રવાસી ભગવાન શ્રીકૃષ્ણે પોતાના મૂળ પુરુષ યદુ રાજાને સદુપદેશ આપી તારનાર બીજા સૌરાષ્ટ્રવાસી, અવતારી, અવધૂત દત્તાત્રેયજી પ્રતિ ઉદ્ધવજીનું ધ્યાન આકર્ષી, ગિરનારી ગુરુનું અનુકરણ કરી, ગુણગ્રાહક બની, જગતના સર્વ પ્રાણીપદાર્થો પાસેથી જ્ઞાન સંપાદન કરી, સંસારના સઘળા સંબંધોના પૂર્ણ પરિત્યાગપૂર્વક પૃથ્વી પર પર્યટન કરતા રહેવાનો ઉદ્ધવજીને છેવટનો ઉપદેશ આપ્યો, તે પ્રભાસ પ્રદેશ પણ ગિરનારથી આગળ, સમુદ્રતટ પર સૌરાષ્ટ્રમાં જ આવેલો છે.

ગિરનારી ગુરુની આ અવધૂત ગીતાનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું કાર્ય મારા જેવા દત્તગુરુની છાયામાં ગિરનાર સમીપ રહેનાર, એક સૌરાષ્ટ્રવાસીને અનાયાસે આવી મળ્યું; તેમાં એ બંને પ્રાચીન, સોરઠી, અવતારી મહાવિભૂતિઓનો સંકેત અને કૃપા. તેઓના ચરણના શરણભાવથી, આ ગ્રંથનું ભાષાંતર કરવા બનતી કાળજી રાખીને યત્ન કરેલ છે; છતાં પુસ્તકની અસલ પ્રતોમાં ઘણે ઠેકાણે પાઠોમાં ફરક હોવાને કારણે, તથા વ્યાકરણદોષના કારણે અને ભાષા બહુ જગ્યાએ સૂત્રરૂપ હોવાના કારણે, તેમ જ આત્મજ્ઞાનનો વિષય અતિ ગહન હોઈ વાણી-મનથી અતીત હોવાના કારણે, કેટલેક ઠેકાણે ભાષાંતરમાં સ્ખલન થઈ જવા સંભવ રહે છે. તેવાં સ્ખલનો સારુ સુજ્ઞ પાઠકોની ક્ષમા યાચતો, તથા—

दत्तः स्वात्मापि येनेह स्वभक्तायात्रये मुदा ।
दत्तात्रेयोऽवधूतोऽव्यात्सर्वानस्मान्गुरुः सदा ॥

જે દત્તે પોતાનો આત્મા પણ પોતાના ભક્ત અત્રિને આનંદ સહિત આપી દીધો તે ગિરનારી ગુરુ દત્તાત્રેય અવધૂત આપણું સર્વનું અહર્નિશ રક્ષણ કરો, એ અભ્યર્થના સાથે વિરમતો—

શાસ્ત્રી પ્રતાપરાય પ્રજારામ ભટ્ટ

# આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન-ચારિત્ર્ય-વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતમાં પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે. સપ્ટેમ્બર ૧૯૪૭ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો પ્રગટ થયાં છેઃ

## ધર્મ અને તત્ત્વજ્ઞાન

| | | | |
|---|---|---|---|
| ધીરા ભગતનાં પદો-સં. ડુંગરશી ધરમશી સંપટ | ૮૦ | ૦-૪ | ૦-૧ |
| ભોજા ભગતના ચાબખા-સં. ,, ,, ,, | ૯૬ | ૦-૬ | ૦-૧ |
| શિવમહિમ્નઃ સ્તોત્રમ્-મૂળ શ્લોક, અન્વય, અર્થ અને ટિપ્પણ સહિત ... ... ... | ૫૬ | ૦-૩ | ૦-૧ |
| શ્રમણ નારદ ને પાંડુ ઝવેરી-અનુઃ પદ્માવતી દેસાઈઃ | ૫૨ | ૦-૩ | ૦-૧ |
| તંત્રની સાધના-લે૦ આચાર્ય શ્રીક્ષિતિમોહન સેનઃ | ૭૨ | ૦-૪ | ૦-૧ |
| ગીતાસાર-કાકા કાલેલકરઃ ગીતાનું સંક્ષિપ્ત દોહન | ૮૦ | ૦-૪ | ૦-૧ |
| ગીતાપોથી-ભગવદ્‌ગીતાની બાળપોથી-કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે | ૧૦૪ | ૦-૬ | ૦-૧ |
| ગીતાસંકલનઃ-સં૦ શ્રી. રમણ મહર્ષિ : બીજાં ત્રણ સંકલનો સાથે... ... ... ... | ૫૨ | ૦-૩ | ૦-૧ |
| પ્રેમપંથ-લે૦ ગાંધીજીઃ ... ... ... | ૬૪ | ૦-૩ | ૦-૧ |
| મણિરત્નમાળા-શંકરાચાર્ય : સરળ અર્થ શ્લોકો સાથે | ૧૬ | ૦-૧॥ | ૦-૧ |
| જ્ઞાન અને કર્મ-લે૦ સ્વામી અદ્વૈતાનંદઃ ... | ૭૨ | ૦-૩ | ૦-૧ |
| પરમ પુરુષાર્થ-લે૦ ,, ,, : ગાનવજીવનનો ઉદ્દેશ | ૧૨૦ | ૦-૬ | ૦-૧ |
| આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય-લે૦ પંડિત બહેચરદાસ દોશીઃ... | ૪૮ | ૦-૩ | ૦-૧ |
| નારદનાં ભક્તિસૂત્રો-મૂળ શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે | ૬૪ | ૦-૩ | ૦-૧ |
| જ્ઞાનનાં ઝરણાં-(આવૃત્તિ ૨જી) લે૦ સ્વામી માધવતીર્થ : | ૬૪ | ૦-૩ | ૦-૧ |
| શ્રીમદ્ ભગવંદ્‌ગીતા-(૧૨ ને ૧૫ અધ્યાય) શ્લોકો તથા અર્થ સાથે... ... ... ... | ૪૮ | ૦-૩ | ૦-૧ |

| | | | |
|---|---|---|---|
| શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ—અનેક રસપ્રદ બોધક પ્રસંગો-ઉપદેશો ... ... ... | ૯૬ | ૦-૬ | ૦-૧ |
| શ્રીરામકૃષ્ણ ઉપદેશ—બોધદાયક ઉપદેશો ... | ૮૮ | ૦-૫ | ૦-૧ |
| વિચારસૂર્યોદય—સ્વામીશ્રી માધવતીર્થજીઃ ... | ૬૦ | ૦-૩ | ૦-૧ |
| કણ્ઠાભરણમ્—મુખપાઠ કરવા યોગ્ય પ્રાર્થનામંત્રો-અર્થ સાથે | ૬૪ | ૦-૩ | ૦-૧ |
| ઉચ્ચ જીવન—ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ: (આ.૫મી) | ૫૬ | ૦-૩ | ૦-૧ |
| ધ્યાન અને જ્ઞાન—લે૦ સ્વામી માધવતીર્થ નવી આવૃત્તિ | ૪૮ | ૦-૩ | ૦-૧ |
| ઉત્તરગીતા—તત્ત્વબોધનો સરળ અનુવાદઃ મૂળ શ્લોકો સાથે | ૬૪ | ૦-૬ | ૦-૧ |
| મદાલસા અને અલર્ક—ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ | ૯૬ | ૦-૫ | ૦-૧ |

## ચરિત્રો ને પ્રસંગ—ચિત્રો

| | | | |
|---|---|---|---|
| સુદામાચરિત્ર—પ્રેમાનંદકૃત ... ... ... | ૬૪ | ૦-૩ | ૦-૧ |
| ભક્ત રોહિદાસ—ચરિત્ર ... ... ... | ૪૮ | ૦-૩ | ૦-૧ |
| શ્રીરામકૃષ્ણ પરમહંસ—(કિશોરો માટે) ... | ૮૮ | ૦-૬ | ૦-૧ |
| સ્વામી રામતીર્થ—કિશોરો માટે પ્રેરણાદાયી ટૂંકું ચરિત્ર | ૭૨ | ૦-૪ | ૦-૧ |
| સતી સાવિત્રી—સત્યવાન ને સાવિત્રીની રોચક કથા | ૫૨ | ૦-૩ | ૦-૧ |
| જેસલ ને તોરલ તથા જાલંધર ને ગોપીચંદ—સ્વ. કલાપી | ૫૬ | ૦-૩ | ૦-૧ |
| મૈનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ—સ્વ. કલાપી | ૪૮ | ૦-૩ | ૦-૧ |
| ભક્તરાજ હનુમાન—ટૂંકું જીવનચરિત્ર ... ... | ૭૬ | ૦-૬ | ૦-૧ |
| શ્રીમત્ શંકરાચાર્ય—(સચિત્ર) લેખક: પુરાતન બુચ: | ૪૮ | ૦-૩ | ૦-૧ |
| શ્રીતૈલંગસ્વામી—વિશુદ્ધાનંદ તથા પૌહારીબાબાનાંચરિત્રો | ૮૮ | ૦-૪ | ૦-૧ |
| બાળકોના વિવેકાનંદ—લે૦ પ્રફુલ્લ ઠાકોરઃ ... | ૬૪ | ૦-૪ | ૦-૧ |
| ભગવાન બુદ્ધ—(સચિત્ર) બોધક ટૂંકું ચરિત્ર ... | ૫૬ | ૦-૪ | ૦-૧ |
| અખજી બાપા—આદર્શ સંત ... ... ... | ૬૪ | ૦-૪ | ૦-૧ |
| સંતકબીર—(સચિત્ર) સચોટ પ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર | ૫૬ | ૦-૩ | ૦-૧ |
| નાનુભટ્ટ બાપા—એક આદર્શ વૈદ્ય (આવૃત્તિ બીજી) | ૭૨ | ૦-૩ | ૦-૧ |

## વાર્તાઓ—નાટકો

| | | | |
|---|---|---|---|
| દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો— ... | ૯૬ | ૦-૬ | ૦-૧ |
| ધાવણની ધાર અને બીજી વાતો—લે૦ ચુનીલાલ મડિયા: માનવસ્વભાવ અને લાગણી પ્રગટ કરતી ૪ વાતો | ૭૬ | ૦-૩ | ૦-૧ |
| કાળમુખી અને બીજી વાતો—(સચિત્ર) લે૦ ચુનીલાલ મડિયાઃ કાઠિયાવાડી જીવનની રસિક પણ નિર્દોષ ૫ વાતો | ૬૪ | ૦-૩ | ૦-૧ |

| | | | |
|---|---|---|---|
| સમ્રાટ શ્રેણિક અને દેવી નંદા—જૈન સંસ્કૃતિની બે નાયિકાઓ ... ... ... ... | ૬૪ | ૦—૩ | ૦—૧ |
| કેરીની મોસમ અને બીજી વાતો—લેખક: 'શયદા:' માનવ-હૃદયની સારી-નરસી લાગણીઓ વ્યક્ત કરતી ૭ વાતો | ૭૫ | ૦—૫ | ૦—૧ |
| અણોજો અને નવું રેલવે સ્ટેશન—શ્રી. ચુનીલાલ વ. શાહ | ૬૦ | ૦—૪ | ૦—૧ |
| જીવનનો મર્મ—લેખક: 'સોપાન' ... ... | ૮૪ | ૦—૬ | ૦—૧ |
| નવજવાન ,, ... ... | ૬૪ | ૦—૪ | ૦—૧ |
| અહિંસાનું રહસ્ય ,, ... ... | ૭૨ | ૦—૪ | ૦—૧ |
| એ વૃદ્ધ પુરુષ! ,, ... ... | ૫૬ | ૦—૪ | ૦—૧ |
| આશાને અજવાળે ,, ... ... | ૫૬ | ૦—૪ | ૦—૧ |

## કાવ્ય

| | | | |
|---|---|---|---|
| શ્રીમંતોનો સટ્ટો—લે૦ શ્રી. ઈશ્વર ધોળકિયા: (કટાક્ષ) | ૬૪ | ૦—૪ | ૦—૧ |
| જયભારતી—લે૦ 'શયદા' ભારતની ચડતી-પડતીનું દિગ્દર્શન | ૩૬ | ૦—૬ | ૦—૧ |

## આરોગ્ય ને વૈદક

| | | | |
|---|---|---|---|
| સોનેરી સૂચનો—લે. ડૉ. રસિકલાલ પરીખ ... | ૧૧૨ | ૦—૬ | ૦—૧ |
| ક્વાથ—ઔષધિ—સો ઉપયોગી ક્વાથો તથા તેનો ઉપયોગ | ૬૪ | ૦—૬ | ૦—૧ |
| હરડે—(સચિત્ર) સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ | ૮૦ | ૦—૬ | ૦—૧ |
| ચૂર્ણ—ઔષધિ—સો ઉપયોગી ચૂર્ણો બનાવવાની... રીત તથા ઉપયોગ... ... ... ... | ૭૨ | ૦—૩ | ૦—૧ |
| | | ૧૪—૧—૬ | |

આ શ્રેણીનાં ઉપરનાં બધાં પુસ્તકો એકસાથે મંગાવનારે રૂ. ૩—૮ પોસ્ટેજના વધુ મોકલવા.


## સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ—૨.

# અનુક્રમણિકા


| ક્રમ | પૃષ્ઠ |
|---|---|
| **અધ્યાય ૧લો** | |
| આત્મજ્ઞાનનો ઉપદેશ | ૧ |
| અદ્વૈતવાસનાનું કારણ ... ... | ,, |
| વ્યાપકને વંદન કઈ રીતે? ... ... | ,, |
| વેદાંતનો સંપૂર્ણ સાર ... ... | ૨ |
| પોતાને જીવ માની બેઠેલાને ઉપદેશ ... | ૩ |
| ચિત્તને ઉપદેશ ... ... ... | ૫ |
| યોગીઓની અંતિમ ગતિ ... ... | ૧૬ |
| મારી માન્યતા ... ... ... | ૧૭ |
| અવધૂતદશા ... ... ... | ,, |
| **અધ્યાય ૨જો** | |
| ગુરુના જ્ઞાનનો મહિમા ... ... | ૧૯ |
| ચૈતન્યવર્ણન ... ... ... | ,, |
| ગુરુ વિના જ્ઞાન નહિ ... ... | ૨૪ |
| દેહાભાવે યોગી પરમાત્મા ... ... | ,, |
| જીવતાં પણ જ્ઞાની નિર્દોષ જ ... ... | ૨૬ |
| આત્મશરણ ... ... ... | ,, |
| પરમાત્મા સિવાય જ્ઞાનીની દૃષ્ટિએ કંઈ જ નથી | ૨૮ |
| તત્ત્વપ્રકાશ કોને થાય? ... ... | ,, |

અધ્યાય ૩જો

આકાશસ્વરૂપ [ શિવને વંદન કઈ રીતે ? ... ૨૯
આત્માને હું કઈ રીતે કહું ? ... ... ૩૦
આત્માનું સ્વરૂપ ... ... ... ,,

અધ્યાય ૪થો

શિવપૂજન કઈ રીતે થાય ? ... ... ૪૪
હું તો મુક્ત છું ... ... ... ,,
હું મોક્ષરૂપ તથા નિર્દોષ છું ... ... ,,

અધ્યાય ૫મો

ૐમાંહેના અક્ષર તથા બિંદુનો ઉચ્ચાર કઈ રીતે ? ૫૨
હે મન ! સર્વસમાન છતાં તું કેમ રડે છે ? ,,

અધ્યાય ૬ઠ્ઠો

ઉપમેયને ઉપમા કેમ ? ... ... ૬૧
યજ્ઞ ને તપ કેવી રીતે ? ... ... ,,
મન કે વચનથી અગોચર કેમ ? ... ,,
સૂર્ય, ચંદ્ર ને અગ્નિ કેમ ? ... ... ,,
બહારની ને અંદરની શુદ્ધિ કેમ ? ... ૬૨
પહેલું ને છેલ્લું કેવી રીતે ? ... ... ,,
ત્રીજું ને ચોથું કેવી રીતે ? ... ... ,,
વિષયો વગેરે પણ કઈ રીતે ?... ... ,,
વરસાદ ને પાણી કેમ ? ... ... ૬૩
ગુણદોષના વિચારની શુદ્ધિ કેમ ? ... ,,
અવરજવર કેમ કહેવાય ? ... ... ,,
પુરુષ ને પ્રકૃતિ (લોક) કેમ કહે છે ? ... ,,
ઘરડો, જુવાન ને બાળક કેમ ? ... ૬૪
નષ્ટ–અનષ્ટ શુદ્ધિ કેમ ? ... ... ,,

અવિનાશી તથા વિનાશી કેમ? ... ,,
અવિનોદ તથા વિનોદ બુદ્ધિવાળો કઈ રીતે? ,,
હું ને મારું કેવી રીતે? ... ... ૬૫
દુઃખ અને સુખની બુદ્ધિ કેમ? ... ,,
કર્મનાં ફળ કેવી રીતે? ... ... ,,
રાગ તથા વિરાગની બુદ્ધિ કેમ? ... ,,
અવિવેક તથા વિવેકની બુદ્ધિ કેમ? ... ૬૬
હું અહીં વંદન કોને કરું? ... ... ,,

અધ્યાય ૭મો

અવધૂતસ્થિતિ ... ... ... ૬૮
શિવ સિવાય બધું ખોટું ... ... ૭૧

અધ્યાય ૮મો

પ્રભુ પ્રત્યે ક્ષમાયાચના ... ... ૭૨
અવધૂત મુનિનાં લક્ષણો ... ... ,,
આત્મત્યાગ—નરકનું કારણ ... ... ૭૪
સ્રીનો ત્યાગ જ કલ્યાણકારી ... ... ...
વિધાતાએ સ્રીને કેમ રચી? ... ... ૭૫
સ્રીના ત્યાગથી સુખ ... ... ,,
સ્રી એ બંધન છે ... ... ... ,,
સ્રીનો ત્યાગ શા માટે? ... ... ,,
સ્રી ખરેખર નરક છે ... ... ૭૬
મુમુક્ષુ માટે સ્રીત્યાગ જરૂરી ... ,,
સ્રી દારૂ છે ... ... ... ૭૭

પરિશિષ્ટ

પ્રહ્લાદ આખ્યાન ... ... ... ૭૯
અધ્યાત્મયોગીશ્વરોની કથા ... ... ૧૧૬

# અવધૂત ગીતા

## અધ્યાય ૧લો—આત્મજ્ઞાનનો ઉપદેશ

### અદ્વૈતવાસનાનું કારણ

ईश्वरानुग्रहादेव पुंसामद्वैतवासना ।
महद्भयपरित्राणा विप्राणामुपजायते ॥ १ ॥

મોટા ભયથી બચાવનારી અદ્વૈતવાસના ઈશ્વરની કૃપાથી જ મનુષ્યોને થાય છે; તેમાંયે બ્રાહ્મણોને તુરત થાય છે. ૧

### વ્યાપકને વંદન કઈ રીતે?

येनेदं पूरितं सर्वमात्मनैवात्मनात्मनि ।
निराकारं कथं वन्दे ह्यभिन्नं शिवमव्ययम् ॥ २ ॥

નિરંતર વ્યાપક જે આત્માથી જ પોતામાં આ સર્વ પૂર્ણ-ભરેલું છે, તે નિરાકાર, અદ્વૈત તથા મંગલસ્વરૂપ અવિનાશીને હું કેવી રીતે વંદન કરું? ૨

पञ्चभूतात्मकं विश्वं मरीचिजलसन्निभम् ।
कस्याप्यहो नमस्कुर्यामहमेको निरञ्जनः ॥ ३ ॥

પાંચ ભૂતોમય (આ) વિશ્વ, ઝાંઝવાનાં જળ જેવું (મિથ્યા) છે; (તેમાં) હું એક જ (કેવળ) નિર્લેપ (અને સત્ય) છું; તો અહો! હું કોને નમસ્કાર કરું? ૩

आत्मैव केवलं सर्वं भेदाभेदो न विद्यते ।
अस्ति नास्ति कथं ब्रूयां विस्मयः प्रतिभाति मे ॥ ४ ॥

બધું કેવળ આત્મા જ છે, ભેદ કે અભેદ કંઈ છે જ નહિ; તો મને વિસ્મય જેવું લાગે છે, કે અમુક કંઈ છે અથવા નથી, એમ હું કેવી રીતે કહું? ૪

વેદાંતનો સંપૂર્ણ સાર

वेदान्तसारसर्वस्वं ज्ञानं विज्ञानमेव च ।
अहमात्मा निराकारः सर्वव्यापी स्वभावतः ॥ ५ ॥

હું જ સ્વભાવથી સર્વવ્યાપક, નિરાકાર આત્મા છું અને જ્ઞાન તથા વિજ્ઞાન પણ હું જ છું; આ વેદાંતનો સંપૂર્ણ સાર છે.૫

यो वै सर्वात्मको देवो निष्कलो गगनोपमः ।
स्वभावनिर्मलः शुद्धः स एवाहं न संशयः ॥ ६ ॥

જે સર્વસ્વરૂપ, અવયવરહિત, આકાશ જેવો (નિર્લેપ), સ્વભાવથી જ નિર્મળ અને શુદ્ધ દેવ છે, તે જ હું છું, એમાં સંશય નથી. ૬

अहमेवाव्ययोऽनन्तः शुद्धविज्ञानविग्रहः ।
सुखं दुःखं न जानामि कथं कस्यापि वर्तते ॥ ७ ॥

હું જ અવિનાશી (અથવા નિર્વિકાર), અંતરહિત અને શુદ્ધ વિજ્ઞાનસ્વરૂપ છું; તેથી સુખ તથા દુઃખ કોઈને પણ કેવી રીતે હોય, તે હું જાણતો નથી. ૭

न मानसं कर्म शुभाशुभं मे न कायिकं कर्म शुभाशुभं मे ।
न वाचिकं कर्म शुभाशुभं मे ज्ञानामृतं शुद्धमतींद्रियोऽहम्

મનથી થતું શુભ કે અશુભ કર્મ મારું નથી, શરીરથી

થતું શુભ કે અશુભ કર્મ મારું નથી અને વાણીથી થતું શુભ કે અશુભ કર્મ પણ મારું નથી; (અર્થાત્ કોઈ કર્મનો મને સંબંધ જ નથી;) કેમ કે હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, શુદ્ધ તથા અતીન્દ્રિય (એટલે ઇંદ્રિયોથી પર) છું. ૮

मनो वै गगनाकारं मनो वै सर्वतोमुखम् ।
मनोऽतीतं मनः सर्वं न मनः परमार्थतः ॥ ९ ॥

મન આકાશ જેવા આકારવાળું–શૂન્યસ્વરૂપ જ છે; સર્વ તરફ મુખવાળું (એટલે ફેલાઈ જતું) મન જ છે; સર્વને ઓળંગી જઈ–સર્વથી પર જણાતું મન જ છે અને સર્વ જગતરૂપે પણ મન જ જણાય છે; છતાં ખરી રીતે મન એ કોઈ વસ્તુ જ નથી. ૯

अहमेकमिदं सर्वं व्योमातीतं निरन्तरम् ।
पश्यामि कथमात्मानं प्रत्यक्षं वा तिरोहितम् ॥ १० ॥

હું એક જ આ સર્વ વિશ્વસ્વરૂપ છું, આકાશથી પણ પર અને નિરંતર બધે વ્યાપ્ત છું; તો હું પ્રત્યક્ષ અથવા ઢંકાયેલા કે અપરોક્ષ આત્માને (એટલે સર્વવ્યાપક મને પોતાને જ) કેવી રીતે જોઈ શકું ? ૧૦

### પોતાને જીવ માની બેઠેલાને ઉપદેશ

त्वमेवमेकं हि कथं न बुध्यसे समं हि सर्वेषु विमृष्टमव्ययम् ।
सदोदितोऽसि त्वमखण्डितः प्रभो दिवा च नक्तं च कथं हि मन्यसे ॥

હે પ્રભો–આત્મન્ ! તું એક જ સર્વમાં સમાન સ્વરૂપે રહેલો, અતિશય શુદ્ધ તથા નિર્વિકાર છે; તેમ જ તું સદા ઉદય પામેલો અને અખંડિત છે; છતાં કેમ સમજતો નથી ? દિવસ તથા રાત્રિને તું કેવી રીતે માને છે ? (અર્થાત્ પ્રકાશ કે અપ્રકાશ અથવા જ્ઞાન કે અજ્ઞાન વગેરે કંઈ તારી સામે છે જ

નહિ, તેને તું કેવી રીતે માની બેઠા છે?) ૧૧

आत्मानं सततं विद्धि सर्वत्रैकं निरंतरम् ।
अहं ध्याता परं ध्येयमखण्डं खण्ड्यते कथम् ॥ १२ ॥

તું પોતાને બધે વ્યાપેલો, એક તથા અંતરવિનાનો જાણ; આત્મતત્ત્વ અખંડ છે, છતાં 'હું ધ્યાન કરનાર છું અને (બીજું) પરબ્રહ્મ ધ્યાન કરવાયોગ્ય છે' એમ તેને ખંડિત કેમ કરાય? ૧૨

न जातो न मृतोऽसि त्वं न ते देहः कदाचन ।
सर्वं ब्रह्मेति विख्यातं ब्रवीति बहुधा श्रुतिः ॥ १३ ॥

તું જન્મતો નથી અને મરતો પણ નથી; તને શરીર કદી છે જ નહિ–તારે શરીર સાથે કદી સંબંધ જ નથી. આ 'બધું બ્રહ્મ છે' એમ અત્યંત પ્રસિદ્ધ વસ્તુને શ્રુતિ અનેક પ્રકારે કહે છે.

स बाह्याभ्यन्तरोऽसि त्वं शिवः सर्वत्र सर्वदा ।
इतस्ततः कथं भ्रान्तः प्रधावसि पिशाचवत् ॥ १४ ॥

તે જ તું બહાર અને અંદર બધે, સર્વકાળે, મંગળ સ્વરૂપે રહ્યો છે; છતાં ભ્રમિત થઈ પિશાચની પેઠે આમતેમ કેમ દોડ્યા કરે છે? ('અર્થાત્ પરમેશ્વર તું પોતે જ છે, છતાં બીજા પરમેશ્વરને શોધવા જ્યાં ત્યાં તું ફાંફાં કેમ મારે છે?) ૧૪

संयोगश्च वियोगश्च वर्तते न च ते न मे ।
न त्वं नाहं जगन्नेदं सर्वमात्मैव केवलम् ॥ १५ ॥

તારે અને મારે સંયોગ કે વિયોગ છે જ નહિ. તું નથી, હું નથી અને આ જગત પણ નથી; બધું કેવળ આત્મા જ છે.

शब्दादिपञ्चकस्यास्य नैवासि त्वं न ते पुनः ।
त्वमेव परमं तत्त्वमतः किं परितप्यसे ॥ १६ ॥

તું આ શબ્દાદિ પાંચ વિષયોનો નથી અને તે વિષયો તારા નથી; (અર્થાત્ વિષયોને તથા તારે કંઈ સંબંધ જ નથી). તું જ પરમ તત્ત્વ છે (વિષયો એ કોઈ વસ્તુ જ નથી); આથી તું (એ ખોટા વિષયો માટે) ચારેબાજુ હેરાન કેમ થાય છે?

जन्म मृत्युर्न ते चित्तं बन्धमोक्षौ शुभाशुभौ ।
कथं रोदिषि रे वत्स नामरूपं न ते न मे ॥ १७ ॥

અરે વત્સ! તારો જન્મ નથી, તારું મરણ નથી; તારે ચિત્ત નથી, બંધન નથી, મોક્ષ નથી, ધર્મ નથી કે અધર્મ પણ નથી; છતાં તું કેમ રડે છે? તારું કે મારું નામ તથા રૂપ છે જ નહિ. ૧૭

## ચિત્તને ઉપદેશ

अहो चित्त कथं भ्रान्तं प्रधावसि पिशाचवत् ।
अभिन्नं पश्य चात्मानं रागत्यागात्सुखी भव ॥ १८ ॥

અહો! હે ચિત્ત! ભ્રમિત થઈ પિશાચની પેઠે કેમ દોડ્યા કરે છે? આત્માને અભેદસ્વરૂપે તું જો અને રાગનો ત્યાગ કરી સુખી થા. ૧૮

त्वमेव तत्त्वं हि विकारवर्जितं निष्कम्पमेकं हि विमोक्षविग्रहम् ॥
न ते च रागो ह्यथवा विरागः कथं हि संतप्यसि कामकामतः ॥ १९ ॥

તું જ એક વિકારરહિત, અચળ તથા અતિશય મોક્ષસ્વરૂપ તત્ત્વ છે; તને રાગ અથવા વિરાગ નથી; છતાં વિષયોની ઇચ્છાથી તું કેમ સંતાપ પામે છે? ૧૯

वदन्ति श्रुतयः सर्वा निर्गुणं शुद्धमव्ययम् ।
अशरीरं समं तत्त्वं तन्मां विद्धि न संशयः ॥ २० ॥

બધી શ્રુતિઓ ગુણરહિત, શુદ્ધ, અવિનાશી–નિર્વિકાર, શરીરરહિત અને (સર્વમાં) સમાન રહેલું (એક જ) તત્ત્વ કહે છે; તે જ તત્ત્વ તું (પોતાને તથા) મને નિઃસંશય જાણ. ૨૦

साकारमनृतं विद्धि निराकारं निरंतरम् ।
एतत्तत्त्वोपदेशेन न पुनर्भवसंभवः ॥ २१ ॥

સાકારને તું ખોટું જાણ અને નિરાકારને નિરંતર–સર્વવ્યાપ્ત (તથા સત્ય) સમજ; આ તત્ત્વના ઉપદેશથી (સાક્ષાત્કાર થયા પછી) ફરી જન્મનો સંભવ નથી. ૨૧

एकमेव समं तत्त्वं वदन्ति हि विपश्चितः ।
रागत्यागात्पुनश्चित्तमेकानेकं न विद्यते ॥ २२ ॥

વિદ્વાનો એક જ સમાન તત્ત્વ કહે છે; રાગનો ત્યાગ કર્યા પછી ફરી ચિત્ત એક અથવા અનેકસ્વરૂપ થતું જ નથી. ૨૨

अनात्मरूपं च कथं समाधिरात्मस्वरूपं च कथं समाधिः ।
अस्तीति नास्तीति कथं समाधिर्मोक्षस्वरूपं यदि सर्वमेकम् ॥ २३ ॥

જો બધું મોક્ષસ્વરૂપ એક જ છે, તો આત્મસ્વરૂપ નથી, એમ સમાધાન કેવી રીતે થાય? અને આત્મસ્વરૂપ છે, એમ સમાધાન પણ કઈ રીતે થાય? તેમ જ 'છે' એ રીતે અથવા 'નથી' એ રીતે પણ સમાધાન શી રીતે થાય? ૨૩

विशुद्धोऽसि समं तत्त्वं विदेहस्त्वमजोऽव्ययः ।
जानामीह न जानामीत्यात्मानं मन्यसे कथम् ॥ २४ ॥

તું અત્યંત શુદ્ધ છે, સમાન–એક જ તત્ત્વ છે તથા દેહરહિત, અજન્મા અને અવિનાશી છે; છતાં 'હું પોતાને જાણું છું અથવા નથી જાણતો' એમ કેમ માને છે? ૨૪

तत्त्वमस्यादिवाक्येन स्वात्मा हि प्रतिपादितः ।
नेति नेति श्रुतिर्ब्रूयादनृतं पाञ्चभौतिकम् ॥ २५ ॥

'तत्त्वमसि । તે તું છે' ઇત્યાદિ (વેદ)વાક્યોએ આત્માનું સારી રીતે પ્રતિપાદન કર્યું છે અને 'नेति नेति । આત્મા એવો નથી, એવો નથી' એ શ્રુતિ પાંચ ભૂતોમાંથી બનેલાંને જૂઠું કહે છે. ૨૫

आत्मन्येवात्मना सर्वं त्वया पूर्णं निरन्तरम् ।
ध्याता ध्यानं न ते चित्तं निर्लज्जं ध्यायसे कथम् ॥ २६ ॥

આત્મસ્વરૂપ પોતાના વડે બધું પોતામાં જ નિરંતર પૂર્ણ-ભર્યું છે; તું ધ્યાન કરનાર નથી અને તારે ધ્યાન કે ચિત્ત પણ નથી; છતાં તું નિર્લજ્જ થઈ ધ્યાન કેવી રીતે કરે છે? ૨૬

शिवं न जानामि कथं वदामि शिवं न जानामि कथं भजामि ।
अहं शिवश्चेत्परमार्थतत्त्वं समस्वरूपं गगनोपमं च ॥ २७ ॥

જો હું જ શિવ છું અને હું જ સમાનસ્વરૂપ તથા આકાશ જેવું (નિર્લેપ તથા વ્યાપક) સાચું તત્ત્વ છું; તો હું (બીજા) શિવને જાણતો નથી; અને (બીજા) શિવને જો જાણતો જ નથી, તો (બીજા શિવને) કેવી રીતે કહું અને કઈ રીતે ભજું? ૨૭

नाहं तत्त्वं समं तत्त्वं कल्पनाहेतुवर्जितम् ।
ग्राह्यग्राहकनिर्मुक्तं स्वसंवेद्यं कथं भवेत् ॥ २८ ॥

'હું' એવો અહંભાવ છે, તે તત્ત્વ નથી; તત્ત્વ વસ્તુ તો સમાન હોઈ કલ્પના તથા હેતુથી રહિત અને ગ્રહણ કરવા યોગ્ય તથા ગ્રહણ કરનારથી પણ રહિત છે; તો તે પોતા વડે અનુભવવા યોગ્ય કેમ થાય? ૨૮

अनन्तरूपं न हि वस्तु किंचित्तत्त्वस्वरूपं न हि वस्तु किंचित् ।
आत्मैकरूपं परमार्थतत्त्वं न हिंसको वापि न चाप्यहिंसा ॥ २९ ॥

અનંતરૂપ વાળી બીજી કોઈ વસ્તુ જ નથી અને તત્ત્વસ્વરૂપ બીજી કોઈ વસ્તુ જ નથી; કેવળ આત્મારૂપ જ સાચું તત્ત્વ છે; તેથી કોઈ હિંસા કરનાર નથી અને અહિંસા પણ નથી. ૨૯

विशुद्धोऽसि समं तत्त्वं विदेहमजमव्ययम् ।
विभ्रमः कथमात्मार्थे विभ्रान्तोऽहं कथं पुनः ॥ ३० ॥

તું અત્યંત શુદ્ધ, સમાન, દેહરહિત, અજન્મા તથા અવિનાશી તત્ત્વ છે; તો આત્મા માટે તને ખોટો ભ્રમ કેમ થાય છે? અને 'હું અત્યંત ભ્રમિત થયો છું' એમ કેમ માને છે? ૩૦

घटे भिन्ने घटाकाशं सुलीनं भेदवर्जितम् ।
शिवेन मनसा शुद्धो न भेदः प्रतिभाति मे ॥ ३१ ॥

જેમ ઘડો ભાંગી જતાં ઘડાનું આકાશ ભેદરહિત થઈ (મહાકાશમાં) અત્યંત લીન થાય છે, તેમ મન શિવસ્વરૂપ થયા પછી હું શુદ્ધ–શિવસ્વરૂપ જ થાઉં છું; મને ભેદ જણાતો જ નથી. ૩૧

न घटो न घटाकाशो न जीवो जीवविग्रहः ।
केवलं ब्रह्म संविद्धि वेद्यवेदकवर्जितम् ॥ ३२ ॥

ખરી રીતે જેમ ઘડો (એ કોઈ વસ્તુ) નથી અને ઘડાની અંદરનું આકાશ પણ નથી, તેમ જીવ (એ કોઈ વસ્તુ) નથી અને જીવનું શરીર પણ નથી; કેવળ જ્ઞેય તથા જ્ઞાતારહિત બ્રહ્મને તું (સત્ય વસ્તુ) જાણ. ૩૨

सर्वत्र सर्वदा सर्वमात्मानं सततं ध्रुवम् ।
सर्वं शून्यमशून्यं च तन्मां विद्धि न संशयः ॥ ३३ ॥

સર્વ ઠેકાણે, સર્વ કાળે, સર્વને તું નિત્ય તથા અચળ આત્મારૂપ જાણ; બધું (જગત) શૂન્ય છે; માટે જે અશૂન્ય છે, તે (આત્મતત્ત્વ)ને જ તું (પોતાને તથા) મને ચોક્કસ જાણ. ૩૩

वेदा न लोका न सुरा न यज्ञा वर्णाश्रमा नैव कुलं न जातिः ।
न धूममार्गो न च दीप्तिमार्गो ब्रह्मैकरूपं परमार्थतत्त्वम् ॥ ३४ ॥

(જ્ઞાનીની દૃષ્ટિએ) વેદો નથી, લોકો નથી, દેવો નથી, યજ્ઞો નથી, વર્ણો નથી, આશ્રમો નથી, કુળ નથી, જાતિ નથી, ધૂમમાર્ગ–પિતૃયાન માર્ગ નથી અને દીપ્તિમાર્ગ–દેવયાન માર્ગ પણ નથી; પરંતુ એક બ્રહ્મરૂપ જ સાચું તત્ત્વ છે. ૩૪

व्याप्यव्यापकनिर्मुक्तं त्वमेकः सफलं यदि ।
प्रत्यक्षं चापरोक्षं च ह्यात्मानं मन्यसे कथम् ॥ ३५ ॥

તું જો વ્યાપ્ય એટલે ન્યૂન પ્રદેશમાં રહેનાર તથા વ્યાપક એટલે અધિક પ્રદેશમાં રહેનાર–એ બન્નેથી રહિત એક સફળ (આત્મતત્ત્વ) છે, તો (તું) પોતાને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ કેમ માને છે? ૩૫

अद्वैतं केचिदिच्छन्ति द्वैतमिच्छन्ति चापरे ।
समं तत्त्वं न विन्दन्ति द्वैताद्वैतविवर्जितम् ॥ ३६ ॥

કેટલાક અદ્વૈત તત્ત્વ ઇચ્છે છે, ત્યારે બીજા દ્વૈત તત્ત્વ ઇચ્છે છે; પરંતુ તેઓ બન્ને દ્વૈત તથા અદ્વૈતથી રહિત સમાન તત્ત્વને સમજતા જ નથી. ૩૬

श्वेतादिवर्णरहितं शब्दादिगुणवर्जितम् ।
कथयन्ति कथं तत्त्वं मनोवाचामगोचरम् ॥ ३७ ॥

ધોળો વગેરે રંગથી રહિત, શબ્દ આદિ ગુણો વિનાના તથા મન અને વાણીના અવિષય આત્મતત્ત્વને તેઓ (દ્વૈત કે અદ્વૈત) કેવી રીતે કહી શકે છે? ૩૭

यदाऽनृतमिदं सर्वं देहादि गगनोपमम् ।
तदा हि ब्रह्म संवेत्ति न तां द्वैतपरंपराम् ॥ ३८ ॥

જ્યારે આ દેહાદિ સર્વને (મનુષ્ય) આકાશ જેવું (શૂન્ય) તથા જૂઠું સમજે છે, ત્યારે બ્રહ્મને જાણે છે; પછી તે દ્વૈતની પરંપરાને એ અનુભવતો જ નથી. ૩૮

परेण सहजात्मापि ह्यभिन्नः प्रतिभाति मे ।
व्योमाकारं तथैवैकं ध्याता ध्यानं कथं भवेत् ॥ ३९ ॥

આ સહજ આત્મા (જીવ) પણ પરબ્રહ્મ સાથે અભિન્ન—એકરૂપ જ મને લાગે છે, તેમ જ આકાશ જેવા (વ્યાપક) આકારવાળું એક જ તત્ત્વ જણાય છે; તો પછી ધ્યાન કરનાર તથા ધ્યાન કેમ હોઈ શકે? ૩૯

यत्करोमि यदश्नामि यज्जुहोमि ददामि यत् ।
एतत्सर्वं न मे किंचिद्विशुद्धोऽहमजोऽव्ययः ॥ ४० ॥

હું જે કરું છું, જે જમું છું, જે હોમું છું અને જે આપું છું;—આ (બધું) મારું કંઈ નથી; હું તો શુદ્ધ, જન્મરહિત અને અવિનાશી છું. ૪૦

सर्वं जगद्विद्धि निराकृतीदं सर्वं जगद्विद्धि विकारहीनम् ।
सर्वं जगद्विद्धि विशुद्धदेहं सर्वं जगद्विद्धि शिवैकरूपम् ॥ ४१ ॥

આ સર્વ જગતને તું આકારવિનાનું જાણ; સર્વ જગતને તું વિકારવિનાનું જાણ; સર્વ જગતને તું અતિશુદ્ધ સ્વરૂપ જાણ અને સર્વ જગતને તું એક શિવસ્વરૂપ જાણ. ૪૧

तत्त्वं त्वं हि न संदेहः किं जानाम्यथवा पुनः ।
असंवेद्यं स्वसंवेद्यमात्मानं मन्यसे कथम् ॥ ४२ ॥

તું જ તત્ત્વ છે, એમાં સંદેહ નથી; તો પછી 'હું કયું તત્ત્વ જાણું' એમ તું કેમ માને છે? અથવા પોતાના વડે જ જાણી શકાતા આત્માને તું 'ન જાણી શકાય' એવો કેમ માને છે? ૪૨

मायाऽमाया कथं तात छायाऽच्छाया न विद्यते ।
तत्त्वमेकमिदं सर्वं व्योमाकारं निरञ्जनम् ॥ ४३ ॥

હે તાત! માયા નથી, અમાયા નથી; છાયા–અંધારું નથી અને અચ્છાયા–અજવાળું પણ નથી; આ બધું આકાશ જેવા (વ્યાપક) આકારવાળું અને નિર્લેપ એક જ તત્ત્વ છે. ૪૩

आदिमध्यान्तमुक्तोऽहं न बद्धोऽहं कदाचन ।
स्वभावनिर्मलः शुद्ध इति मे निश्चिता मतिः ॥ ४४ ॥

હું આદિ, મધ્ય તથા અંતવિનાનો છું; કદી બંધાયેલો નથી અને સ્વભાવથી જ નિર્મળ તથા શુદ્ધ છું, આવી મારી ચોક્કસ માન્યતા છે. ૪૪

महदादि जगत्सर्वं न किंचित्प्रतिभाति मे ।
ब्रह्मैव केवलं सर्वं कथं वर्णाश्रमस्थितिः ॥ ४५ ॥

મહત્તત્વથી માંડી સર્વ જગત મને લગારે ભાસતું નથી; મને તો બધું કેવળ બ્રહ્મ જ ભાસે છે; તો પછી વર્ણો તથા આશ્રમોની સ્થિતિ કેમ હોઈ શકે? ૪૫

जानामि सर्वथा सर्वमहमेको निरन्तरम् ।
निरालम्बमशून्यं च शून्यं व्योमादिपञ्चकम् ॥ ४६ ॥

હું સર્વ પ્રકારે સમજું છું, કે હું એક જ નિરંતર કોઈના

પણ આધારવિનાનું તથા સત્ય તત્ત્વ છું; આકાશ વગેરે પાંચે ય અસત્ય છે. ૪૬

न षण्ढो न पुमान्न स्त्री न बोधो नैव कल्पना ।
सानन्दं वा निरानन्दमात्मानं मन्यसे कथम् ॥ ४७ ॥

આત્મા નપુંસક નથી, પુરુષ નથી, સ્ત્રી નથી, જ્ઞાન નથી અને કલ્પનારૂપ પણ નથી; છતાં તું આત્માને આનંદવાળો તથા આનંદવિનાનો કેમ માને છે? ૪૭

षडङ्गयोगान्न तु नैव शुद्धं मनोविनाशान्न तु नैव शुद्धम् ।
गुरूपदेशान्न तु नैव शुद्धं स्वयं च तत्त्वं स्वयमेव शुद्धम् ॥ ४८ ॥

આત્મતત્ત્વ છ અંગોવાળા યોગથી શુદ્ધ થતું જ નથી; મનના વિનાશથી શુદ્ધ થતું જ નથી અને ગુરુના ઉપદેશથી પણ શુદ્ધ થતું જ નથી; એ તો પોતાની મેળે પોતે જ શુદ્ધ છે. ૪૮

नहि पञ्चात्मको देहो विदेहो वर्तते नहि ।
आत्मैव केवलं सर्वं तुरीयं च त्रयं कथम् ॥ ४९ ॥

આત્મા પંચભૂતોમય દેહરૂપ નથી અને દેહરહિત પણ નથી; બધું કેવળ આત્મા જ છે, તો (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ) ત્રણ અવસ્થાઓ તથા તુરીય (ચોથી) અવસ્થા (આત્માને) કેમ હોઈ શકે? ૪૯

न बद्धो नैव मुक्तोऽहं न चाहं ब्रह्मणः पृथक् ।
न कर्ता न च भोक्ताहं व्याप्यव्यापकवर्जितः ॥ ५० ॥

હું બંધાયેલો નથી, મુક્ત નથી અને બ્રહ્મથી જુદો પણ નથી; તેમ જ હું કર્તા નથી અને ભોક્તા પણ નથી; હું તો વ્યાપ્ય તથા વ્યાપકથી રહિત (શુદ્ધાત્મા) છું. ૫૦

यथा जलं जले न्यस्तं सलिलं भेदवर्जितम् ।
प्रकृतिः पुरुषस्तद्वदभिन्नं प्रतिभाति मे ॥ ५१ ॥

જેમ જળમાં નાખેલું જળ ભેદરહિત હોઈ જળરૂપે જ જણાય છે, તેમ પ્રકૃતિ તથા પુરુષ બન્ને મને એક જ (આત્મતત્ત્વ) જણાય છે. ૫૧

यदि नाम न मुक्तोऽसि न बद्धोऽसि कदाचन ।
साकारं च निराकारमात्मानं मन्यसे कथम् ॥ ५२ ॥

જો તું કદી મુક્ત નથી અને બંધાયેલો પણ નથી; તો પછી આત્માને તું આકારવાળો તથા આકારવિનાનો કેવી રીતે માને છે? ૫૨

जानामि ते परं रूपं प्रत्यक्षं गगनोपमम् ।
यथाऽपरं हि रूपं यन्मरीचिजलसन्निभम् ॥ ५३ ॥

તારા શ્રેષ્ઠ સ્વરૂપને હું જાણું છું; તે પ્રત્યક્ષ આકાશ જેવું (વ્યાપક અને નિર્લેપ) છે; તેમ જ બીજું જે જગતનું સ્વરૂપ છે, તેને પણ હું જાણું છું; તે પ્રત્યક્ષ ઝાંઝવાંનાં જળ જેવું (જૂઠું) છે. ૫૩

न गुरुर्नोपदेशश्च न चोपाधिर्न मे क्रिया ।
विदेहं गगनं विद्धि विशुद्धोऽहं स्वभावतः ॥ ५४ ॥

મારો ગુરુ નથી, મને ઉપદેશની જરૂર નથી, મને ઉપાધિ નથી અને કોઈ ક્રિયા નથી; મારું સ્વરૂપ તો દેહરહિત તથા આકાશ જેવું (વ્યાપક અને નિર્લેપ) છે અને હું સ્વભાવથી અત્યંત શુદ્ધ છું, એમ તું જાણ. ૫૪

विशुद्धोऽस्यशरीरोऽसि न ते चित्तं परात्परम् ।
अहं चात्मा परं तत्त्वमिति वक्तुं न लज्जसे ॥ ५५ ॥

તું અતિશય શુદ્ધ અને શરીરવિનાનો છે; તને ચિત્ત

નથી અને તું પરથી પણ પર એવું તત્ત્વ છે; છતાં 'હું જીવાત્મા છું અને (બ્રહ્મ) તત્વ મારાથી જુદું છે' એમ કહેતાં તું શરમાતો નથી? ૫૫

कथं रोदिषि रे चित्त ह्यात्मैवात्मात्मना भव।
पिब वत्स कलातीतमद्वैतं परमामृतम् ॥ ५६ ॥

રે ચિત્ત! તું કેમ રડે છે? તું પોતે જ પોતા વડે આત્મસ્વરૂપ થા અને હે વત્સ! અવયવરહિત, અદ્વૈત, ઉત્તમ અમૃત પી. ૫૬

नैव बोधो न चाबोधो न बोधाबोध एव च।
यस्येदृशः सदा बोधः स बोधो नान्यथा भवेत् ॥ ५७ ॥

જ્ઞાન નથી, અજ્ઞાન નથી અને જ્ઞાનઅજ્ઞાનમિશ્ર પણ નથી; આવી સમજ જેને સદા હોય છે, તેની એ સમજણ બદલાઈને ખોટી થતી નથી. ૫૭

ज्ञानं न तर्को न समाधियोगो न देशकालौ न गुरूपदेशः।
स्वभावसंवित्तिरहं च तत्त्वमाकाशकल्पं सहजं ध्रुवं च ॥ ५८ ॥

જ્ઞાન નથી, તર્ક નથી, સમાધિયોગ નથી, દેશ નથી, કાળ નથી અને ગુરુનો ઉપદેશ પણ નથી; હું સ્વભાવથી જ જ્ઞાનસ્વરૂપ, સહજ, અચળ તથા આકાશ જેવું (વ્યાપક અને નિર્લેપ) તત્ત્વ છું. ૫૮

न जातोऽहं मृतो वापि न मे कर्म शुभाशुभम्।
विशुद्धं निर्गुणं ब्रह्म बन्धो मुक्तिः कथं मम ॥ ५९ ॥

હું જન્મતો કે મરતો નથી; મને સારાંમાઠાં કર્મ નથી; હું તો અત્યંત શુદ્ધ અને ગુણોરહિત બ્રહ્મ છું; મને બંધન કે મુક્તિ કેમ હોય? ૫૯

यदि सर्वगतो देवः स्थिरः पूर्णो निरन्तरः ।
अन्तरं हि न पश्यामि स बाह्याभ्यन्तरः कथम् ॥ ६० ॥

સર્વવ્યાપક દેવ જો સ્થિર, પૂર્ણ તથા (દરેકથી) અંતરવિનાનો છે અને (તેમાં કે મારામાં) હું અંતર દેખતો નથી, તો બહાર કે અંદર એ કેવી રીતે હોય? ૬૦

स्फुरत्येव जगत्कृत्स्नमखण्डितनिरन्तरम् ।
अहो मायामहामोहौ द्वैताद्वैतविकल्पना ॥ ६१ ॥

આખું જગત અખંડિત તથા અંતરવિનાનું (કેવળ આત્મસ્વરૂપે જ) પ્રકાશે છે; છતાં માયા તથા મહામોહ અને દ્વૈત તથા અદ્વૈત–એવી જુદીજુદી કલ્પના આશ્ચર્યરૂપ છે! (એ કલ્પનાઓ આવી જ ક્યાંથી?) ૬૧

साकारं च निराकारं नेति नेतीति सर्वदा ।
भेदाभेदविनिर्मुक्तो वर्तते केवलः शिवः ॥ ६२ ॥

સાકાર તથા નિરાકાર સ્વરૂપને 'નેતિ નેતિ–બ્રહ્મ એવું નથી, એવું નથી' એમ શ્રુતિ સર્વ કાળે નિષેધે છે; તેથી ભેદ–અભેદરહિત આત્મા કેવળ શિવસ્વરૂપ જ છે. ૬૨

न ते च माता च पिता च बंधुर्न ते च पत्नी न सुतश्च मित्रम् ।
न पक्षपातो न विपक्षपातः कथं हि संततिरियं हि चित्ते ॥ ६३ ॥

તારે મા નથી, પિતા નથી, બંધુ નથી, પત્ની નથી, પુત્ર નથી, મિત્ર નથી, પક્ષપાત નથી કે અપક્ષપાત પણ નથી; છતાં તને ચિત્તમાં આ સંતાપ કેમ થાય છે? ૬૩

दिवा नक्तं न ते चित्त उदयास्तमयौ न हि ।
विदेहस्य शरीरत्वं कल्पयन्ति कथं बुधाः ॥ ६४ ॥

હે ચિત્ત! તારે દિવસ નથી કે રાત નથી, ઉદય નથી કે અસ્ત નથી; વળી તું દેહરહિત છે, તેથી તારું દેહપણું જ્ઞાનીઓ

કેમ કલ્પી શકે? ૬૪

नाविभक्तं विभक्तं च नहि दुःखसुखादि च।
नहि सर्वमसर्वं च विद्धि चात्मानमव्ययम्॥ ६५॥

તારામાં કંઈ વિભાગ પામેલું કે નહિ વિભાગ પામેલું નથી; તું સર્વસ્વરૂપ કે સર્વસ્વરૂપવિનાનો પણ નથી જ, એમ તું પોતાને નિર્વિકાર જાણ. ૬૫

नाहं कर्ता न भोक्ता च न मे कर्म पुराधुना।
न मे देहो विदेहो वा निर्ममेति ममेति किम्॥ ६६॥

હું કર્તા નથી અને ભોક્તા નથી; મારે પહેલાંનું કે હમણાંનું કર્મ નથી; મારે દેહ નથી અને હું દેહરહિત પણ નથી; તો 'મારું નહિ અને મારું' એમ શું હોઈ શકે? ૬૬

न मे रागादिको दोषो दुःखं देहादिकं न मे।
आत्मानं विद्धि मामेकं विशालं गगनोपमम्॥ ६७॥

મને રાગ વગેરે દોષ નથી, દુઃખ નથી અને મને દેહાદિ પણ નથી; મને એક, વિશાળ આકાશ જેવો (નિર્લેપ તથા વ્યાપક) આત્મા તું જાણ. ૬૭

सखे मनः किं बहुजल्पितेन सखे मनः सर्वमिदं वितर्क्यम्।
यत्सारभूतं कथितं मया ते त्वमेव तत्त्वं गगनोपमोऽसि॥ ६८॥

હે મિત્ર મન! બહુ કહેવાથી શું? હે મિત્ર મન! મેં તને સારરૂપ જે કહ્યું, એ સર્વનો બરાબર વિચાર કરવો ઘટે છે. તું જ આકાશ જેવું (નિર્લેપ તથા વ્યાપક) તત્ત્વ છે. ૬૮

યોગીઓની અંતિમ ગતિ

येन केनापि भावेन यत्र कुत्र मृता अपि।
योगिनस्तत्र लीयन्ते घटाकाशमिवाम्बरे॥ ६९॥

જેમ ઘડાનું આકાશ (ઘડો ફૂટી જતાં) મોટા આકાશમાં લય (એકરૂપને) પામે છે, તેમ યોગીઓ જે કોઈ ભાવથી, જે કોઈ સ્થળે, મરણ પામ્યા હોય; છતાં પણ પરબ્રહ્મમાં જ લય પામે છે—એકરૂપ થાય છે. ૬૯

तीर्थे चान्त्यजगेहे वा नष्टस्मृतिरपि त्यजन् ।
समकाले तनुं मुक्तः कैवल्यव्यापको भवेत् ॥ ७० ॥

તીર્થમાં કે ચાંડાળને ઘેર, તેમ જ હરકોઈ કાળે શરીર છોડતો યોગી (તેનું) સ્મરણ નાશ પામ્યું હોય; છતાં પરબ્રહ્મસ્વરૂપે જ વ્યાપક થાય છે—બ્રહ્મમય થઈ જાય છે. ૭૦

धर्मार्थकाममोक्षांश्च द्विपदादिचराचरम् ।
मन्यन्ते योगिनः सर्वं मरीचिजलसन्निभम् ॥ ७१ ॥

યોગીઓ ધર્મ, અર્થ, કામ તથા મોક્ષને તેમ જ મનુષ્ય આદિ સર્વ જંગમ તથા સ્થાવર જગતને ઝાંઝવાંનાં જળ જેવું (જૂઠું) માને છે. ૭૧

### મારી માન્યતા

अतीतानागतं कर्म वर्तमानं तथैव च ।
न करोमि न भुञ्जामि इति मे निश्चला मतिः ॥ ७२ ॥

હું ભૂતકાળનું, ભવિષ્યકાળનું તથા વર્તમાનકાળનું કર્મ કરતો નથી અને ભોગવતો પણ નથી, આવી મારી અડગ માન્યતા છે. ૭૨

### અવધૂતદશા

शून्यागारे समरसपूतस्तिष्ठत्येकः सुखमवधूतः ।
चरति हि नग्नस्त्यक्त्वा गर्वं विन्दति केवलमात्मनि सर्वम् ॥ ७३ ॥

અવધૂત—મસ્તજ્ઞાની સમભાવનારૂપ રસથી પવિત્ર થઈ એકલો

શૂન્યસ્થાનમાં સુખથી રહે છે, નગ્ન ફરે છે અને ગર્વ છોડી કેવળ આત્મામાં સર્વ અનુભવે છે. ૭૩

त्रितयतुरीयं नहि नहि यत्र विन्दति केवलमात्मनि तत्र।
धर्माधर्मौ नहि नहि यत्र बद्धो मुक्तः कथमिह तत्र ॥७४॥

જેમાં (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ–એ) ત્રણ અવસ્થાઓ તથા ચોથી તુરીય અવસ્થા પણ નથી જ નથી; જેમાં કેવળ આનંદને જ (અવધૂત) અનુભવે છે અને જેમાં ધર્મ કે અધર્મ નથી જ નથી; તે આત્મસ્વરૂપમાં (જ્ઞાની) બંધાયેલો કે મુક્ત કેમ હોઈ શકે? ૭૪

विन्दति विन्दति नहि नहि मन्त्रं छन्दोलक्षणं नहि नहि तन्त्रम्।
समरसमग्नो भावितपूतः प्रलपति तत्त्वं परमवधूतः ॥ ७५ ॥

અવધૂત–જ્ઞાની કોઈ મંત્રને મેળવતો નથી, મેળવતો જ નથી; તેમ જ વેદ, વ્યાકરણ કે તંત્રશાસ્ત્રને સ્વીકારતો નથી, સ્વીકારતો જ નથી; એ તો સમાન સ્વરૂપના રસમાં મગ્ન તથા બ્રહ્મની જ ભાવનાથી પવિત્ર થઈ પરમ તત્ત્વનો જ જપ કર્યા કરે છે. ૭૫

सर्वशून्यमशून्यं च सत्यासत्यं न विद्यते ।
स्वभावभावतः प्रोक्तं शास्त्रसंवित्तिपूर्वकम् ॥ ७६ ॥

આત્મતત્ત્વ સર્વથી શૂન્ય છે, પણ પોતે શૂન્ય નથી; તેમ જ સત્ય કે અસત્ય નથી; એને શાસ્ત્રના જ્ઞાનપૂર્વક સ્વભાવથી જ ભાવરૂપે (અહીં મેં) કહ્યું છે. ૭૬

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायामात्मसंवित्त्युपदेशो नाम प्रथमोऽध्यायः ॥ १ ॥

ઇતિશ્રી દત્તાત્રેય વિરચિત અવધૂત ગીતામાં 'આત્મજ્ઞાનનો ઉપદેશ' નામનો અધ્યાય ૧લો સમાપ્ત.

# અધ્યાય ૨જો

## ગુરુના જ્ઞાનનો મહિમા

बालस्य वा विषयभोगरतस्य वापि
मूर्खस्य सेवकजनस्य गृहस्थितस्य ।
एतद्गुरोः किमपि नैव न चिन्तनीयं
रत्नं कथं त्यजति कोऽप्यशुचौ प्रतिष्ठम् ॥ १ ॥

ગુરુ બાળક, વિષયભોગમાં આસક્ત, મૂર્ખ, સેવકજન અથવા ઘરમાં–ગૃહસ્થરૂપે ભલે રહ્યા હોય; તેમના સંબંધે એ કંઈ પણ વિચારવા જેવું નથી, નથી જ; અપવિત્ર સ્થાનમાં પડેલા રત્નને શું કોઈ પણ છોડી દે છે? (એટલું જ વિચારી તેમની પાસે રહેલા જ્ઞાનરૂપ રત્નને જ લઈ લેવું.) ૧

नैवात्र काव्यगुण एव तु चिन्तनीयो
ग्राह्यः परं गुणवता खलु सार एव ।
सिन्दूरचित्ररहिता भुवि रूपशून्या
पारं न किं नयति नौरिह गन्तुकामान् ॥ २ ॥

એ ગુરુમાં કાવ્યનો ગુણ જ વિચારવા જેવો નથી; પરંતુ ગુણવાન મનુષ્યે (તેમની પાસેથી) સાર જ લઈ લેવો. આ પૃથ્વી પર સિંદૂરનાં ચિત્રોથી રહિત અને રૂપવિનાની જણાતી નૌકા (નદી, સમુદ્ર વગેરેની સામે પાર) જવા ઇચ્છનારાઓને શું પાર લઈ જતી નથી? ૨

## ચૈતન્યવર્ણન

प्रयत्नेन विना येन निश्चलेन चलाचलम् ।
ग्रस्तं स्वभावतः शान्तं चैतन्यं गगनोपमम् ॥ ३ ॥

નિશ્ચળ એવા જેણે પ્રયત્ન વિના સ્વભાવથી જ સ્થાવરજંગમ જગતને (પોતામાં) વ્યાપ્ત કર્યું છે, તે ચૈતન્ય શાંત અને આકાશ જેવું (નિર્લેપ તથા વ્યાપક) છે. ૩

अयत्नाच्चालयेद्यत्तु एकमेव चराचरम् ।
सर्वगं तत्कथं भिन्नमद्वैतं वर्तते मम ॥ ४ ॥

જે અદ્વૈત–ચૈતન્ય, એક જ બધે વ્યાપક હોઈ યત્ન વિના સ્થાવરજંગમને ચલાવે છે, તે મારાથી જુદું કેવી રીતે છે? ૪

अहमेव परं यस्मात्सारात्सारतरं शिवम् ।
गमागमविनिर्मुक्तं निर्विकल्पं निराकुलम् ॥ ५ ॥

જે કારણથી હું જ પર છું અને સાર કરતાં પણ અત્યંત સારરૂપ તથા શિવસ્વરૂપ છું; તેથી (સંસારમાં) અવરજવર-વિનાનું, વિકલ્પોરહિત તથા નિરાકુલ (ચૈતન્ય હું જ) છું. ૫

सर्वावयवनिर्मुक्तं तदहं त्रिदशार्चितम् ।
संपूर्णत्वान्न गृह्णामि विभागं त्रिदशादिकम् ॥ ६ ॥

સર્વ અવયવોથી રહિત અને દેવોએ પૂજેલું તે જ તત્ત્વ હું છું; સંપૂર્ણપણાને લીધે દેવો આદિ વિભાગને હું ગ્રહણ કરતો નથી–દેવ આદિ ભેદકલ્પના હું માનતો જ નથી. ૬

प्रमादेन न संदेहः किं करिष्यामि वृत्तिमान् ।
उत्पद्यन्ते विलीयन्ते बुद्बुदाश्च यथा जले ॥ ७ ॥

અંતઃકરણની વૃત્તિવાળો થઈ પ્રમાદ વડે હું શું કરી બેસીશ? એવો મને સંદેહ નથી; કેમ કે જેમ પાણીમાં પરપોટા ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. (તેમ અંતઃકરણની વૃત્તિ જન્મે છે ને નાશ પામે છે, તેમાં મારે શું?) ૭

महदादीनि भूतानि समाप्यैवं सदैव हि ।
मृदुद्रव्येषु तीक्ष्णेषु गुडेषु कटुकेषु च ॥ ८ ॥
कटुत्वं चैव शैत्यत्वं मृदुत्वं च यथा जले ।
प्रकृतिः पुरुषस्तद्वदभिन्नं प्रतिभाति मे ॥ ९ ॥

જેમ કોમળ દ્રવ્યોમાં કોમળતા, તીક્ષ્ણ દ્રવ્યોમાં તીક્ષ્ણતા, ગોળ વગેરે મધુર દ્રવ્યોમાં મીઠાશ, કડવાં દ્રવ્યોમાં કડવાશ (અથવા તીખાં દ્રવ્યોમાં તીખાશ) તથા જળમાં શીતળતા—એ ગુણો તે તે દ્રવ્યોમાં એક જ રૂપે રહે છે, તેમ પુરુષ—આત્મા મહત્તત્વ આદિમાં તથા સર્વ ભૂતોમાં સંપૂર્ણ વ્યાપીને રહ્યો છે; આથી પ્રકૃતિ અને પુરુષ મને એક જ જણાય છે. ૮,૯

सर्वाख्यारहितं यद्यत्सूक्ष्मात्सूक्ष्मतरं परम् ।
मनोबुद्धींद्रियातीतमकलङ्कं जगत्पतिम् ॥ १० ॥

જેમ પ્રકૃતિ સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ છે, તેમ જગતના સ્વામી આત્માને પણ મન, બુદ્ધિ તથા ઇંદ્રિયોથી પર, સર્વ નામોથી રહિત (અતિશય સૂક્ષ્મ) તથા નિષ્કલંક—ઉપાધિ-રહિત જાણવો. ૧૦

ईदृशं सहजं यत्र अहं तत्र कथं भवेत् ।
त्वमेव हि कथं तत्र कथं तत्र चराचरम् ॥ ११ ॥

આવું સહજ જ્ઞાન જેમાં છે, તેમાં 'અહં'ભાવ કેમ હોય? તેમાં 'તું' પણ કેમ જ હોય અને તેમાં સ્થાવરજંગમ જંગત પણ કેવી રીતે હોય? ૧૧

गगनोपमं तु यत्प्रोक्तं तदेव गगनोपमम् ।
चैतन्यं दोषहीनं च सर्वज्ञं पूर्णमेव च ॥ १२ ॥

જેને આકાશ જેવું (નિર્લેપ તથા વ્યાપક) કહ્યું છે, તે જ ચૈતન્ય આકાશ જેવું સૂક્ષ્મ, દોષરહિત, સર્વજ્ઞ તથા પૂર્ણ છે. ૧૨

पृथिव्यां चरितं नैव मारुतेन न वाहितम् ।
वारिणा पिहितं नैव तेजोमध्ये व्यवस्थितम् ॥ १३ ॥

એ ચૈતન્ય પૃથ્વી પર ચલિત નથી, વાયુથી વહેતું નથી અને જળથી ઢંકાતું નથી; એ તો તેજની વચ્ચે રહ્યું છે– તેજોમય છે. ૧૩

आकाशं तेन संव्याप्तं न तद्व्याप्तं च केनचित् ।
सबाह्याभ्यन्तरं तिष्ठत्यवच्छिन्नं निरन्तरम् ॥ १४ ॥

તેના વડે આકાશ વ્યાપ્ત છે, પણ એ ચૈતન્ય પોતે કોઈના વડે વ્યાપ્ત નથી; તે બહાર ને અંદર સહિત નિરંતર વ્યાપ્ત થઈ રહ્યું છે. ૧૪

सूक्ष्मत्वात्तददृश्यत्वान्निर्गुणत्वाच्च योगिभिः ।
आलम्बनादि यत्प्रोक्तं क्रमादालम्बनं भवेत् ॥ १५ ॥

એ ચૈતન્ય સૂક્ષ્મ, અદૃશ્ય તથા નિર્ગુણ હોવાથી (તેને જાણવા માટે) યોગીઓએ જે આલંબન આદિ કહેલ છે, તે જ આલંબન અનુક્રમે હોવાં જોઈએ. ૧૫

सतताऽभ्यासयुक्तस्तु निरालम्बो यदा भवेत् ।
तल्लयाल्लीयते नान्तर्गुणदोषविवर्जितः ॥ १६ ॥

પછી નિરંતર અભ્યાસમાં જોડાઈ (સાધક) મનુષ્ય જ્યારે આલંબનરહિત થાય (એટલે સીધું ચૈતન્ય અનુભવી શકે), ત્યારે ગુણદોષથી રહિત થઈ તે(પ્રથમ સ્વીકારેલા આલંબન)ના લય દ્વારા (ચૈતન્યમાં જ) લીન થાય છે, પણ અંતઃકરણમાં(ના આલંબનમાં) લીન થતો નથી. ૧૬

विषविश्वस्य रौद्रस्य मोहमूर्च्छाप्रदस्य च ।
एकमेव विनाशाय ह्यमोघं सहजामृतम् ॥ १७ ॥

ભયંકર મોહરૂપી મૂર્છાને આપનાર સંસારરૂપ ઝેરનો નાશ કરવા સહજ આત્મજ્ઞાનરૂપ અમૃત એક જ સફળ (સાધન) છે.

भावगम्यं निराकारं साकारं दृष्टिगोचरम् ।
भावाभावविनिर्मुक्तमन्तरालं तदुच्यते ॥ १८ ॥

જે નિરાકાર હોય, તે ભાવનાથી જણાય છે અને જે સાકાર હોય, તે તો નજરે દેખાય છે; માટે જે ભાવઅભાવ બન્નેથી રહિત છે, તે જ વચ્ચેનું (નહિ નિરાકાર અને નહિ સાકાર શુદ્ધ ચૈતન્ય) કહેવાય છે. ૧૮

बाह्यभावं भवेद्विश्वमन्तःप्रकृतिरुच्यते ।
अन्तरादन्तरं ज्ञेयं नारिकेलफलाम्बुवत् ॥ १९ ॥

બહારની વસ્તુ જગત છે અને અંદરની વસ્તુ પ્રકૃતિ કહેવાય છે; એ અંદરની પણ અંદર જે છે, તે નાળિયેરના ફળની અંદરના જળ જેવું (શુદ્ધ ચૈતન્ય) જાણવા યોગ્ય છે. ૧૯

भ्रान्तिज्ञानं स्थितं बाह्यं सम्यग्ज्ञानं च मध्यगम् ।
मध्यान्मध्यतरं ज्ञेयं नारिकेलफलाम्बुवत् ॥ २० ॥

બહારના પદાર્થોમાં રહેલું જ્ઞાન ભ્રાંતિજ્ઞાન છે અને મધ્યમાં-- અંદર રહેલું જ્ઞાન સાચું જ્ઞાન છે; પરંતુ એ અંદરથી પણ ઘણું જ અંદર રહેલું (શુદ્ધ ચૈતન્ય) નાળિયેરના ફળની અંદર રહેલા જળ જેવું જાણવા યોગ્ય છે. ૨૦

पौर्णमास्यां यथा चन्द्र एक एवातिनिर्मलः ।
तेन तत्सदृशं पश्येद् द्विधादृष्टिर्विपर्ययः ॥ २१ ॥

જેમ પૂનમની રાત્રે અતિ નિર્મળ એક જ ચંદ્ર હોય;

છતાં તે જો બે દેખાય, તો એ જોવામાં ફેર છે—નજરનો કે આંખનો જ દોષ છે; તેમ એ શુદ્ધ ચૈતન્ય પણ તેના જેવું એક જ દેખાવું જોઈએ; છતાં તેમાં (જીવ–બ્રહ્મ એમ) બે પ્રકાર દેખાય, તો એ વિપરીત દર્શન છે—ભ્રાંતિજ્ઞાન જ છે. ૨૧

अनेनैव प्रकारेण बुद्धिभेदो न सर्वगः ।
दाता च धीरतामेति गीयते नामकोटिभिः ॥ २२ ॥

આ જ પ્રકારે (એકને અનેક જાણવારૂપ) બુદ્ધિનો ભેદ સર્વમાં રહેલો નથી. (એક જ) દાતા ધીરપણાને પામે છે—ધીર કહેવાય છે અને (બીજાં) કરોડો નામોથી પણ ગવાય છે (એ કેવળ નામભેદ છે, વસ્તુભેદ નથી.). ૨૨

ગુરુ વિના જ્ઞાન નહિ

गुरुप्रज्ञाप्रसादेन मूर्खो वा यदि पण्डितः ।
यस्तु संबुध्यते तत्त्वं विरक्तो भवसागरात् ॥ २३ ॥

મૂર્ખ હોય કે પંડિત હોય, પણ જે ગુરુની જ્ઞાનબુદ્ધિની કૃપાથી જો તત્ત્વને સમજે, તો જ (તે) સંસારસમુદ્રથી વિરક્ત—વૈરાગ્યવાન બને છે. ૨૩

रागद्वेषविनिर्मुक्तः सर्वभूतहिते रतः ।
दृढबोधश्च धीरश्च स गच्छेत्परमं पदम् ॥ २४ ॥

પછી તે ધીર મનુષ્ય રાગદ્વેષથી છૂટી સર્વ પ્રાણીઓના હિતમાં રમે છે અને દૃઢજ્ઞાનવાળો થઈ પરમપદને પામે છે. ૨૪

દેહાભાવે યોગી પરમાત્મા

घटे भिन्ने घटाकाश आकाशे लीयते यथा ।
देहाभावे तथा योगी स्वरूपे परमात्मनि ॥ २५ ॥

જેમ ઘડો ફૂટતાં તે ઘડાનું આકાશ (બહારના) મહાકાશમાં

લય પામે છે, તેમ દેહ છૂટતાં યોગી આત્મસ્વરૂપ પરમાત્મામાં લય પામે છે—પરમાત્મા જ બને છે. ૨૫

उक्तेयं कर्मयुक्तानां मतिर्यान्तेऽपि सा गतिः ।
न चोक्ता योगयुक्तानां मतिर्यान्तेऽपि सा गतिः ॥ २६ ॥

'અંતે પણ જે મતિ તે ગતિ' એમ કર્મમાં જોડાયેલાઓ સંબંધે કહેવાય છે; પરંતુ 'અંતે પણ જે મતિ તે ગતિ' એમ જ્ઞાનયોગમાં જોડાયેલાઓ સંબંધે કહેલ નથી. (કેમ કે તેઓની બુદ્ધિ તો સદા જ્ઞાનયોગમાં જ જોડાયેલી હોય છે, તેથી તેઓ જીવંત દશામાં પણ પરમપદને પામી જ ચૂક્યા છે.) ૨૬

या गतिः कर्मयुक्तानां सा च वागिंद्रियाद्वदेत् ।
योगिनां या गतिः क्वापि ह्यकथ्या भववर्जिता ॥ २७ ॥

કર્મમાં જોડાયેલાઓની જે ગતિ થાય છે, તે તો વાણી-ઇંદ્રિયથી કહી શકાય છે; અર્થાત્ ઇંદ્રિયના વિષયરૂપ હોય છે; પરંતુ જ્ઞાનયોગને સેવનારાઓની જે ગતિ થાય છે, તે સંસારરહિત હોઈ કહી શકાતી નથી—ઇંદ્રિયનો વિષય રહેતી જ નથી. ૨૭

एवं ज्ञात्वा त्वमुं मार्गं योगिनां नैव कल्पितम् ।
विकल्पवर्जनं तेषां स्वयं सिद्धिः प्रवर्तते ॥ २८ ॥

યોગીઓનો આ માર્ગ કલ્પિત નથી જ; તેને એ રીતે સમજીને જેઓના વિકલ્પો છૂટી જાય છે, તેઓને આપોઆપ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૨૮

तीर्थे वान्त्यजगेहे वा यत्र कुत्र मृतोऽपि वा ।
न योगी पश्यते गर्भं परे ब्रह्मणि लीयते ॥ २९ ॥

યોગી તીર્થમાં, ચાંડાલને ઘેર અથવા હરકોઈ સ્થળે મરણ પામ્યો હોય; પરંતુ તે ગર્ભને દેખતો નથી—ફરી જન્મને પામતો જ નથી; એ તો પરબ્રહ્મમાં જ લય પામે છે—

આત્મસ્વરૂપ જ થઈ જાય છે. ૨૯

જીવતાં પણ જ્ઞાની નિર્દોષ જ

सहजमजमचिन्त्यं यस्तु पश्येत्स्वरूपं
घटति यदि यथेष्टं लिप्यते नैव दोषैः ।
सकृदपि तदभावात्कर्म किंचिन्न कुर्या-
त्तदपि न च विबद्धः संयमी वा तपस्वी ॥ ३० ॥

જે પુરુષ એકવાર પણ સ્વાભાવિક, જન્મરહિત અને અચિંત્ય એવાં આત્મસ્વરૂપનું જો દર્શન કરે, તો પછીથી તે યથેષ્ટ ચેષ્ટા કરે, તોપણ દોષથી લેપાતો નથી–આત્મદર્શન પામી ચૂકેલો ગમે તેમ વર્તે, તોપણ નિર્દોષ જ રહે છે; એ રીતે તેનામાં દોષ ન હોવાથી તે કોઈ (નિત્યનૈમિત્તિક આદિ) કર્મ ન કરે, તોપણ બંધાતો નથી; કેમ કે એ સંયમી અથવા તપસ્વી જ છે. ૩૦

આત્મશરણ

निरामयं निष्प्रतिमं निराकृतिं निराश्रयं निर्वपुषं निराशिषम् ।
निर्द्वन्द्वनिर्मोहमलुप्तशक्तिकं तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥ ३१ ॥

જે નિર્દોષ, અનુપમ, આકારરહિત, આધારરહિત, ઇચ્છારહિત, રાગદ્વેષાદિ જોડકાં વિનાનો, મોહરહિત તથા અવિનાશી શક્તિવાળો છે, તે સનાતન ઈશ્વર આત્માને **શરણે હું જાઉં છું.**

वेदो न दीक्षा न च मुण्डनक्रिया गुरुर्न शिष्यो न च मंत्रसंपदः ।
मुद्रादिकं चापि न यत्र भासते तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३२॥

જેમાં વેદ નથી, દીક્ષા નથી, મુંડનક્રિયા નથી, ગુરુ નથી, શિષ્ય નથી અને મંત્રોની સંપત્તિઓ કે મુદ્રા વગેરે પણ જેમાં ભાસતાં નથી, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૨

न शांभवं शाक्तिकमानवं न वा पिण्डं च रूपं च पदादिकं न वा ।
आरम्भनिष्पत्तिघटादिकं च नो तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३३॥

જે શંકરનું, શક્તિનું કે મનુઓનું પદ નથી; જે પિંડ, રૂપ કે પદ (નામ) વગેરે નથી અને જે આરંભ, ઉત્પત્તિ તથા ઘડો વગેરે (કાર્ય) પણ નથી, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૩

यस्य स्वरूपात्सचराचरं जगदुत्पद्यते तिष्ठति लीयतेऽपि वा ।
पयोविकारादिव फेनबुद्बुदास्तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३४॥

પાણીના વિકારથી થતાં ફીણ અને પરપોટાની પેઠે જેના સ્વરૂપથી સ્થાવરજંગમ સહિત જગત ઉત્પન્ન થાય છે, સ્થિતિ પામે છે અને લય પણ પામે છે, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૪

नासानिरोधो न च दृष्टिरासनं बोधोऽप्यबोधोऽपि न यत्र भासते ।
नाडीप्रचारोऽपि न यत्र किंचित्तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३५॥

જ્યાં નાકને બંધ કરવારૂપ પ્રાણાયામ વગેરે તથા (અમુક જ) દૃષ્ટિ કે આસન ભાસતાં નથી, જ્યાં જ્ઞાન કે અજ્ઞાન પણ ભાસતું નથી અને જેમાં નાડીઓની ગતિ પણ લગારે ભાસતી નથી, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૫

नानात्वमेकत्वमुभत्वमन्यता अणुत्वदीर्घत्वमहत्त्वशून्यता ।
मानत्वमेयत्वसमत्ववर्जितं तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३६॥

જે અનેકપણું, એકપણું, બેપણું, જુદાપણું, સૂક્ષ્મપણું, લાંબાપણું, મોટાપણું, શૂન્યપણું, માપપણું, માપવાયોગ્યપણું કે સમાનપણું—આ સર્વથી રહિત છે, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૬

सुसंयमी वा यदि वा न संयमी सुसंग्रही वा यदि वा न संग्रही ।
निष्कर्मको वा यदि वा सकर्मकस्तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३७॥

જે સારી રીતે સંયમવાળો કે સંયમવિનાનો છે; અથવા સારી રીતે સંગ્રહ કરનારો કે સંગ્રહવિનાનો છે અથવા

કર્મોથી રહિત કે કર્મોથી યુક્ત છે, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૭

मनो न बुद्धिर्न शरीरमिन्द्रियं तन्मात्रभूतानि न भूतपञ्चकम् ।
अहंकृतिश्चापि वियत्स्वरूपकं तमीशमात्मानमुपैमि शाश्वतम् ॥३८॥

જે મન નથી, બુદ્ધિ નથી, શરીર નથી, ઇંદ્રિયો નથી, પાંચ મહાભૂતો નથી, પાંચ સૂક્ષ્મ ભૂતો નથી, અહંકાર નથી અને આકાશસ્વરૂપ પણ નથી, તે સનાતન ઈશ્વર આત્માને શરણે હું જાઉં છું. ૩૮

પરમાત્મા સિવાય જ્ઞાનીની દૃષ્ટિએ કંઈ જ નથી.

विधिर्निषेधः परमात्मतां गते न योगिनश्चेतसि भेदवर्जिते ।
शौचं न वाऽशौचमलिङ्गभावना सर्वं विधेयं यदि वा निषिध्यते ॥३९॥

યોગીનું ચિત્ત ભેદરહિત થઈ પરમાત્માના સ્વરૂપને પામી જાય, ત્યારે તેને માટે વિધિ કે નિષેધ નથી; પવિત્રતા કે અપવિત્રતા નથી; અને (પુરુષ, સ્ત્રી આદિ) લિંગની ભાવના પણ રહેતી નથી; તેને માટે તો સઘળું કરવા યોગ્ય છે; અથવા નિષેધાય છે. ૩૯

તત્ત્વપ્રકાશ કોને થાય?

मनो वचो यत्र न शक्तमीरितुं नूनं कथं तत्र गुरूपदेशता ।
इमां कथामुक्तवतो गुरोस्तद्युक्तस्य तत्त्वं हि समं प्रकाशते ॥ ४० ॥

આ નક્કી છે કે જ્યાં મન તથા વચન પહોંચી શકતાં નથી, ત્યાં ગુરુનો ઉપદેશ કેમ પહોંચે? માત્ર આ (જ્ઞાનની) વાત ગુરુ કહે અને તેમાં જે જોડાઈ જાય, તેને જ સમાનસ્વરૂપ આત્મતત્ત્વ પ્રકાશે છે. ૪૦

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायामात्म—
संवित्त्युपदेशो नाम द्वितीयोऽध्यायः ॥ २ ॥

એમ શ્રી દત્તાત્રેયવિરચિત અવધૂત ગીતામાં 'આત્મજ્ઞાનનો ઉપદેશ' નામે અધ્યાય ૨જો સમાપ્ત.

## અધ્યાય ૩જો

### આકાશસ્વરૂપ શિવને વંદન કઈ રીતે?

गुणविगुणविभागो वर्तते नैव किंचि-
द्रतिविरतिविहीनं निर्मलं निष्प्रपञ्चम् ।
गुणविगुणविहीनं व्यापकं विश्वरूपं
कथमहमिह वन्दे व्योमरूपं शिवं वै ॥ १ ॥

જેમાં ગુણ તથા અગુણનો વિભાગ ક્યારે છે જ નહિ અને જે પ્રીતિ કે અપ્રીતિથી રહિત, નિર્મળ, પ્રપંચરહિત, ગુણ-અગુણરહિત, વ્યાપક તથા સર્વસ્વરૂપ છે, તે આકાશરૂપ શિવને અહીં હું કેવી રીતે વંદું? ૧

श्वेतादिवर्णरहितो नियतं शिवश्च
कार्यं हि कारणमिदं हि परं शिवश्च ।
एवं विकल्परहितोऽहमलं शिवश्च
स्वात्मानमात्मनि सुमित्र कथं नमामि ॥ २ ॥

ધોળા વગેરે રંગ વિનાનો જે અવશ્ય શિવસ્વરૂપ છે, તેમ જ આ કાર્ય તથા કારણરૂપ હોઈ પરમ શિવસ્વરૂપ છે, તે જ હું એવા વિકલ્પોરહિત પૂર્ણ શિવસ્વરૂપ છું; તો હે શ્રેષ્ઠ મિત્ર! પોતામાં પોતાના જ આત્માને હું કેવી રીતે નમું? ૨

निर्मूलमूलरहितो हि सदोदितोऽहं
निर्धूमधूमरहितो हि सदोदितोऽहम् ।
निर्दीपदीपरहितो हि सदोदितोऽहं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३ ॥

હું મૂળવિનાનો છું, તેથી મૂળરહિત જ સદા ઉદય પામેલો

છું; હું ધૂમાડા જેવા અજ્ઞાન વિનાનો છું, તેથી અજ્ઞાનરહિત જ સદા ઉદય પામ્યો છું; મને પ્રકાશવાને દીવાની જરૂર નથી, તેથી દીવા વિના જ સદા પ્રકાશસ્વરૂપે હું ઉદય પામ્યો છું; તેમ જ હું જ્ઞાનમય, અમૃતસ્વરૂપ, (આનંદરૂપ) એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૩

આત્માને હું કઈ રીતે કહું?

निष्कामकाममिह नाम कथं वदामि निःसंगसंगमिह नाम कथं वदामि ।
निःसारसारसहितं च कथं वदामि ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

કામનારહિતને કામનાવાળો હું કેમ કહું? સંગરહિતને સંગવાળો હું કઈ રીતે કહું? સારવગરનાને સારવાળો હું કેમ કહું? હું તો જ્ઞાનમય, અમૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૪

अद्वैतरूपमखिलं हि कथं वदामि द्वैतस्वरूपमखिलं हि कथं वदामि ।
नित्यं त्वनित्यमखिलं हि कथं वदामि ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

બધાંને અદ્વૈતરૂપ હું કેમ કહું? સમગ્રને દ્વૈતસ્વરૂપ હું કેવી રીતે કહું? બધાંને નિત્ય કેવી રીતે કહું અને અનિત્ય પણ કેમ કહું? હું તો જ્ઞાનમય, અમૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૫

આત્માનું સ્વરૂપ

स्थूलं हि नो नहि कृशं न गतागतं हि आद्यन्तमध्यरहितं न परापरं हि ।
सत्यं वदामि खलु वै परमार्थतत्त्वं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

આત્મતત્ત્વ સ્થૂલ નથી, સૂક્ષ્મ નથી, જતું નથી કે આવતું નથી; એ તો આદિ, મધ્ય તથા અંતરહિત છે અને પર કે અપર પણ નથી. હું સાચું કહું છું કે એ જ ખરું તત્ત્વ છે અને

તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૬

संविद्धि सर्वकरणानि नभोनिभानि संविद्धि सर्वविषयांश्च नभोनिभांश्च ।
संविद्धि चैकममलं न हि बन्धमुक्तं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

સર્વ ઇંદ્રિયોને આકાશ જેવી-શૂન્ય તું જાણ, સર્વ વિષયોને આકાશ જેવા-શૂન્ય જાણ અને એક જ આત્માને તું નિર્મળ જાણ; તેને બંધન નથી કે મોક્ષ નથી; તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૭

दुर्बोधबोधगहनो न भवामि तात दुर्लक्ष्यलक्ष्यगहनो न भवामि तात।
आसन्नरूपगहनो न भवामि तात ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

હે તાત! હું મુશ્કેલીએ સમજાઉં એવો કે જ્ઞાનની ઊંડાઈવાળો નથી; હે તાત! હું વિચારવો મુશ્કેલ કે ઊંડા લક્ષ્યરૂપ નથી; અને હે તાત! હું સમીપરૂપવાળો કે ઊંડારૂપવાળો પણ નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો-નિર્લેપ તથા વ્યાપક છું. ૮

निष्कर्मकर्मदहनो ज्वलनो भवामि निर्दुःखदुःखदहनो ज्वलनो भवामि ।
निर्देहदेहदहनो ज्वलनो भवामि ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

હું કર્મરહિત હોઈ કર્મોને બાળનાર અગ્નિ છું; હું દુઃખરહિત હોઈ દુઃખોને બાળનાર અગ્નિ છું; તેમ જ હું દેહરહિત હોઈ દેહને બાળનાર અગ્નિ છું; હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો-નિર્લેપ અને વ્યાપક છું. ૯

निष्पापपापदहनो हि हुताशनोऽहं निर्धर्मधर्मदहनो हि हुताशनोऽहम् ।
निर्बन्धबन्धदहनो हि हुताशनोऽहं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

હું પાપરહિત હોઈ પાપને બાળનાર અગ્નિ છું, હું ધર્મ-

રહિત હોઈ ધર્મને બાળનાર અગ્નિ છું; હું બંધનરહિત હોઈ બંધનને બાળનાર અગ્નિ છું; તેમ જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક-રસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૧૦

निर्भावभावरहितो न भवामि वत्स निर्योगयोगरहितो न भवामि वत्स।
निश्चित्तचित्तरहितो न भवामि वत्स ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥

હે વત્સ! હું અસ્તિત્વરહિત છતાં અસ્તિત્વવિનાનો નથી; હું સંબંધરહિત છતાં સંબંધવિનાનો નથી; હું ચિત્તથી રહિત છતાં ચિત્તવિનાનો નથી; હું જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૧૧

निर्मोहमोहपदवीति न मे विकल्पो निःशोकशोकपदवीति न मे विकल्पः।
निर्लोभलोभपदवीति न मे विकल्पो ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥

મને મોહરહિત કે મોહ સહિત એવો વિકલ્પ નથી; શોક-રહિત કે શોક સહિત એવો વિકલ્પ મને નથી; તેમ જ લોભરહિત કે લોભ સહિત એવો વિકલ્પ પણ મને નથી; હું તો જ્ઞાનામૃત-સ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૧૨

संसारसंततिलता न च मे कदाचित्
संतोषसंततिसुखं न च मे कदाचित्।
अज्ञानबन्धनमिदं न च मे कदाचित्
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥ १३॥

સંસારની પરંપરારૂપ વેલ મને કદી (સ્પર્શતી) નથી; સંસારની પરંપરાનું સુખ મને કદી નથી; અને આ અજ્ઞાનરૂપ બંધન પણ મને કદી નથી. હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો–નિર્લેપ અને વ્યાપક છું. ૧૩

संसारसंततिरजो न च मे विकारः संतापसंततितमो न च मे विकारः।
सत्त्वं स्वधर्मजनकं न च मे विकारो ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥

સંસારની પરંપરારૂપ રજોગુણ—એ વિકાર મને નથી; સંતાપની પરંપરારૂપ તમોગુણ—એ વિકાર મને નથી અને સ્વધર્મ ઉપજાવનાર સત્ત્વગુણ—એ વિકાર પણ મને નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૧૪

संतापदुःखजनको न विधिः कदाचित्
संतापयोगजनितं न मनः कदाचित्।
यस्मादहंकृतिरियं न च मे कदाचित्
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥ १५॥

સંતાપનાં દુઃખો ઉપજાવનાર વિધિ (હરકોઈ શાસ્ત્રીય ક્રિયા) મારા માટે કદી નથી; સંતાપના સંબંધથી જન્મેલું મન મારે કદી નથી અને જેનાથી આ અહંકાર જન્મે છે, તેવું કંઈ પણ મારે નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૧૫

निष्कम्पकम्पनिधनं न विकल्पकल्पं
स्वप्नप्रबोधनिधनं न हिताहितं हि।
निःसारसारनिधनं न चराचरं हि
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम्॥ १६॥

for Pranic Healers

હું કંપરહિત તથા કંપનો અંત છું; વિકલ્પોની કલ્પનારૂપ હું નથી; હું સ્વપ્ન તથા જાગ્રતનો અંત છું; મારે હિત કે અહિત નથી; હું નિઃસાર તથા સારનો અંત છું; તેમ જ જંગમ કે સ્થાવર પણ હું નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ

એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું.

नो वेद्यवेदकमिदं न च हेतुतर्क्यं
वाचामगोचरमिदं न मनो न बुद्धिः।
एवं कथं हि भवतः कथयामि तत्त्वं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ १७॥

આ આત્મતત્ત્વ જાણી શકાય એવું કે જાણનાર નથી; હેતુઓ વડે તર્ક કરી શકાય એવું નથી; (તેમ જ) વાણીનું અવિષય અને મન કે બુદ્ધિરૂપ પણ નથી; એમ એ તત્ત્વને હું કઈ રીતે તને કહું? હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૧૭

निर्भिन्नभिन्नरहितं परमार्थतत्त्व-
मन्तर्बहिर्न हि कथं परमार्थतत्त्वम्।
प्राक्संभवं न च रतं नहि वस्तु किञ्चित्
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ १८॥

સાચું તત્ત્વ ભેદવિનાનું હોઈ ભેદરહિત જ છે; એ સત્ય તત્ત્વ અંદર ને બહાર કેમ નથી? છે જ. એ પહેલાં થયેલ નથી, ક્યાંય આસક્ત નથી અને કંઈ વસ્તુ નથી; તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૧૮

रागादिदोषरहितं त्वहमेव तत्त्वं
दैवादिदोषरहितं त्वहमेव तत्त्वम्।
संसारशोकरहितं त्वहमेव तत्त्वं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ १९॥

રાગ આદિ દોષરહિત તત્ત્વ હું જ છું; દૈવ આદિના

દોષવિનાનું તત્ત્વ હું જ છું અને સંસારના શોકવિનાનું તત્ત્વ હું જ છું એ જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૧૯

स्थानत्रयं यदि च नेति कथं तुरीयं
कालत्रयं यदि च नेति कथं दिशश्च ।
शान्तं पदं हि परमं परमार्थतत्त्वं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २० ॥

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ—એ ત્રણ સ્થિતિ જો (મને) નથી, તો ચોથી તુરીય અવસ્થા પણ કેમ જ હોય? ભૂત, ભવિષ્ય, વર્તમાન—એ ત્રણ કાળ જો (મને) નથી, તો દિશાઓ ક્યાંથી હોય? હું જ શ્રેષ્ઠ સાચું તત્ત્વ, શાંત પદ, જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૦

दीर्घो लघुः पुनरितीह न मे विभागो
विस्तारसंकटमितीह न मे विभागः ।
कोणं हि वर्तुलमितीह न मे विभागो
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २१ ॥

લાંબો અને ટૂંકો—એમ અહીં મારો વિભાગ નથી; પહોળું ને સાંકડું—એમ અહીં મારો વિભાગ નથી અને ખૂણો કે ગોળ—એમ પણ અહીં મારો વિભાગ નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું.૨૧

मातापितादि तनयादि न मे कदाचि-
ज्जातं मृतं न च मनो न च मे कदाचित् ।
निर्व्याकुलं स्थिरमिदं परमार्थतत्त्वं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २२ ॥

મારે માતાપિતા વગેરે કે પુત્ર વગેરે કદી નથી; મારો જન્મ નથી, મરણ નથી અને મારે મન પણ કદી નથી; આ આત્મતત્ત્વ વ્યાકુળતાવિનાનું, સ્થિર તથા સત્યસ્વરૂપ છે; તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૨

शुद्धं विशुद्धमविचारमनन्तरूपं निर्लेपलेपमविचारमनन्तरूपम् ।
निष्खण्डखण्डमविचारमनन्तरूपं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

આ ચૈતન્ય શુદ્ધ કે અશુદ્ધ—એવા વિચારવિનાનું અનંતસ્વરૂપ છે; નિર્લેપ કે લિપ્ત—એવા વિચારવિનાનું અનંતસ્વરૂપ છે; તેમ જ અખંડ તથા ખંડવાળું—એવા વિચારથી રહિત અનંતસ્વરૂપ છે; તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૩

ब्रह्मादयः सुरगणाः कथमत्र संति स्वर्गादयो वसतयः कथमत्र संति ।
यद्येकरूपममलं परमार्थतत्त्वं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥२४॥

આ સત્ય તત્ત્વ જો નિર્મળ તથા એક સ્વરૂપ જ છે, તો એમાં બ્રહ્મા આદિ દેવસમૂહો કેવી રીતે છે? અને સ્વર્ગ આદિ રહેઠાણો પણ એમાં કઈ રીતે છે? એ જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૪

निर्नेति नेति विमलो हि कथं वदामि निःशेषशेषविमलो हि कथं वदामि ।
निर्लिङ्गलिङ्गविमलो हि कथं वदामि ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥

હું 'नेति नेति । આવો નથી, આવો નથી' એ વેદવાક્યને છોડી અથવા તેને સ્વીકારી નિર્મળ છું, એમ કેમ કહું? હું બાકી વિના કે બાકી સાથે નિર્મળ છું, એમ પણ કેમ કહું?

તેમ જ હું લિંગ વિના કે લિંગ સાથે નિર્મળ છું, એમ પણ કેમ કહું? હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૫

निष्कर्मकर्मपरमं सततं करोमि
निःसंगसंगरहितं परमं विनोदम् ।
निर्देहदेहरहितं सततं विनोदं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २६ ॥

હું કર્મરહિત હોઈ સદા શ્રેષ્ઠ કર્મ કરું છું; હું સંગરહિત હોઈ સદા સંગરહિત જ ઉત્તમ વિનોદ કરું છું અને હું દેહરહિત હોઈ દેહરહિત જ વિનોદ સદા કરું છું; કેમ કે હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું. ૨૬

मायाप्रपञ्चरचना न च मे विकारः
कौटिल्यदम्भरचना न च मे विकारः ।
सत्यानृतेतिरचना न च मे विकारो
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २७ ॥

માયા-પ્રપંચ કરવારૂપ વિકાર મને નથી; કુટિલતા કે દંભડોળ કરવારૂપ વિકાર મને નથી; તેમ જ સાચાંજૂઠાં વગેરે કરવારૂપ વિકાર પણ મને નથી; કેમ કે હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું ૨૭

संध्यादिकालरहितं न च मे वियोगो ह्यन्तःप्रबोधरहितं बधिरो न मूकः ।
एवं विकल्परहितं न च भावशुद्धं ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥२८

સાંજ, સવાર, બપોર વગેરે કાળથી હું રહિત છું; છતાં

મારો કોઈ કાળે વિયોગ—અભાવ નથી; અને અંતરના જ્ઞાનથી હું રહિત છું, છતાં બહેરો કે મૂગો નથી; એમ વિકલ્પોથી રહિત છતાં હું ભાવ વડે શુદ્ધ પણ નથી; હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ તથા વ્યાપક છું.

निर्नाथनाथरहितं हि निराकुलं वै
निश्चित्तचित्तविगतं हि निराकुलं वै ।
संविद्धि सर्वविगतं हि निराकुलं वै
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ २९ ॥

હું કોઈનો સ્વામી નથી અને મારો પણ કોઈ સ્વામી નથી; એમ મને તારે નિરાકુલ જાણવો; હું ચિત્તવિનાનો છું, તેથી મને ચિત્તરહિત તથા આકુળતાવિનાનો તારે જાણવો; તેમ જ સર્વથી રહિત મને તારે વ્યાકુળતાવિનાનો જ જાણવો; કેમ કે હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૨૯

कान्तारमन्दिरमिदं हि कथं वदामि
संसिद्धसंशयमिदं हि कथं वदामि ।
एवं निरन्तरसमं हि निराकुलं वै
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३० ॥

આ આત્મતત્ત્વને જંગલરૂપ કે મંદિરરૂપ હું કેમ કહું? અને આને સારી રીતે સિદ્ધ થયેલ અથવા સંશયવાળું પણ હું કેવી રીતે કહું? કેમ કે તે અંતરવિનાનું, સમાન તથા આકુળતારહિત છે; એમ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૦

निर्जीवजीवरहितं सततं विभाति
निर्बीजबीजरहितं सततं विभाति ।
निर्वाणबन्धरहितं सततं विभाति
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३१ ॥

આત્મતત્ત્વ જીવવિનાનું હોઈ જીવરહિત જ સદા પ્રકાશે છે; બીજવિનાનું હોઈ બીજરહિત જ સદા પ્રકાશે છે અને મોક્ષ તથા બંધનથી પણ રહિત સદા પ્રકાશે છે; એ જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૧

संभूतिवर्जितमिदं सततं विभाति
संसारवर्जितमिदं सततं विभाति ।
संहारवर्जितमिदं सततं विभाति
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३२ ॥

વળી આ આત્મતત્ત્વ સદા જન્મરહિત પ્રકાશે છે; આ સંસારરહિત સદા પ્રકાશે છે અને આ સદા સંહારરહિત પ્રકાશે છે; એ જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૨

उल्लेखमात्रमपि ते न च नामरूपं
निर्भिन्नभिन्नमपि ते न हि वस्तु किंचित् ।
निर्लज्ज मानस करोषि कथं विषादं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३३ ॥

ઓ નિર્લજ્જ મન! માત્ર જણાવવા પૂરતું પણ તારું નામરૂપ નથી; અને ભેદવિનાની કે ભેદવાળી તારી કોઈ

વસ્તુ જ નથી; છતાં તું ખેદ કેમ કરે છે? હું તો જ્ઞાનામૃત-સ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૩

किं नाम रोदिषि सखे न जरा न मृत्युः
किं नाम रोदिषि सखे न च जन्मदुःखम् ।
किं नाम रोदिषि सखे न च ते विकारो
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३४ ॥

હે મિત્ર! તું કેમ રડે છે? તને ઘડપણ નથી અને તારું મરણ પણ નથી. હે મિત્ર! તું કેમ રડે છે? તને જન્મનું દુઃખ પણ નથી. હે મિત્ર! તું કેમ રડે છે? તને કોઈ વિકાર પણ નથી; (તું નિશ્ચય કર કે) હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૪

किं नाम रोदिषि सखे न च ते स्वरूपं
किं नाम रोदिषि सखे न च ते विरूपम् ।
किं नाम रोदिषि सखे न च ते वयांसि
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३५ ॥

હે મિત્ર! તું કેમ રડે છે? તારું સ્વરૂપ નથી; હે મિત્ર! તું કેમ રડે છે? તારું વિરુદ્ધ કે જુદું જુદું રૂપ પણ નથી; હે મિત્ર! તું કેમ રડે છે? તારી ઉંમર કે અવસ્થા પણ નથી. (તું ચોક્કસ જાણ કે) હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૫

किं नाम रोदिषि सखे न च ते वयांसि
किं नाम रोदिषि सखे न च ते मनांसि ।

किं नाम रोदिषि सखे न तवेन्द्रियाणि
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३६ ॥

હે મિત્ર! તું કેમ રડે છે? તને વય નથી; હે મિત્ર! તું કેમ રડે છે? તારે મન–બુદ્ધિ વગેરે નથી; હે મિત્ર તું કેમ રડે છે? તારે ઇંદ્રિયો નથી; (તું નિશ્ચય જાણ કે) હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૬

किं नाम रोदिषि सखे न च तेऽस्ति कामः
किं नाम रोदिषि सखे न च ते प्रलोभः ।
किं नाम रोदिषि सखे न च ते विमोहो
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३७ ॥

હે મિત્ર! તું કેમ રડે છે? તને કામ નથી; હે મિત્ર તું કેમ રડે છે? તારે લોભ નથી; હે મિત્ર! તું કેમ રડે છે? તારે મોહ નથી; (તું અવશ્ય જાણ કે) હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૩૭

ऐश्वर्यमिच्छसि कथं न च ते धनानि
ऐश्वर्यमिच्छसि कथं न च ते हि पत्नी ।
ऐश्वर्यमिच्छसि कथं न च ते ममेति
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३८ ॥

ધન તારાં નથી, તો તું ઐશ્વર્ય કેમ ઇચ્છે છે? પત્ની તારી નથી જ, તો તું ઐશ્વર્ય કેમ ઇચ્છે છે? તને મમતા નથી, છતાં તું ઐશ્વર્ય કેમ ઇચ્છે છે? (તું જાણ કે) હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ

અને વ્યાપક છું. ૩૮

लिङ्गप्रपञ्चजनुषी न च ते न मे च
निर्लज्ज मानसमिदं च विभाति भिन्नम् ।
निर्भेदभेदरहितं न च ते न मे च
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ३९ ॥

પુરુષલિંગ–સ્ત્રીલિંગ વગેરે લિંગનો પ્રપંચ તથા જન્મ તારે કે મારે નથી; હે નિર્લજ્જ ! આ જુદુંજુદું મન જ દેખાય છે; તારે કે મારે ભેદવિનાનું કે ભેદરહિત–સામાન્ય અથવા વિશેષ કંઈ છે જ નહિ. (તું જાણુ કે) હું તો જ્ઞાનામૃતસ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું.

नो वाणुमात्रमपि ते हि विरागरूपं
नो वाणुमात्रमपि ते हि सरागरूपम् ।
नो वाणुमात्रमपि ते हि सकामरूपं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ४० ॥

તારું સ્વરૂપ લેશ માત્ર પણ વિરાગી નથી અને તારું રૂપ લેશ માત્ર પણ રાગવાળું નથી; તેમ જ તારું રૂપ લેશ માત્ર પણ કામયુક્ત નથી; (તું ચોક્કસ માન કે) હું જ્ઞાનામૃત-સ્વરૂપ, એકરસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું ૪૦

ध्याता न ते हि हृदये न च ते समाधि-
र्ध्यानं न ते हि हृदये न बहिःप्रदेशः ।
ध्येयं न चेति हृदये न हि वस्तुकालो
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ४१ ॥

તારા હૃદયમાં કોઈ ધ્યાન કરનાર નથી, અને તારે સમાધિ પણ નથી; તારા હૃદયમાં ધ્યાન નથી અને બહારનો કોઈ પ્રદેશ નથી; તારા હૃદયમાં ધ્યાન કરવા યોગ્ય કંઈ નથી અને તું કોઈ વસ્તુ કે કાળ નથી. (તું જાણ કે) હું જ્ઞાનામૃત-સ્વરૂપ, એક જ રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું. ૪૧

यत्सारभूतमखिलं कथितं मया ते
न त्वं न मे न महतो न गुरुर्न शिष्यः ।
स्वच्छन्दरूपसहजं परमार्थतत्त्वं
ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ॥ ४२ ॥

જે સારરૂપ છે, તે બધું મેં તને કહ્યું; તું નથી, મારું નથી, મહત્તત્વનું નથી, ગુરુ નથી અને શિષ્ય પણ નથી; કેવળ સ્વચ્છંદરૂપ, સ્વાભાવિક અને સત્ય એક જ તત્ત્વ છે અને તે જ હું જ્ઞાનામૃતસ્વરૂપ, એક રસવાળો તથા આકાશ જેવો નિર્લેપ અને વ્યાપક છું ૪૨

कथमिह परमार्थं तत्त्वमानन्दरूपं
कथमिह परमार्थं नैवमानन्दरूपम् ।
कथमिह परमार्थं ज्ञानविज्ञानरूपं
यदि परमहमेकं वर्तते व्योमरूपम् ॥ ४३ ॥

જો 'હું' (એ) એક જ આકાશરૂપ શ્રેષ્ઠ તત્ત્વ છે, તો એમાં ખરેખરું આનંદરૂપ તત્ત્વ કઈ રીતે? એમાં એવું ખરેખરું આનંદરૂપ તત્ત્વ નથી, એમ પણ કેવી રીતે? અને એમાં જ્ઞાન-વિજ્ઞાનરૂપ પરમાર્થ તત્ત્વ છે, એમ પણ કેમ હોઈ શકે? ૪૩

दहनपवनहीनं विद्धि विज्ञानमेक-
मवनिजलविहीनं विद्धि विज्ञानरूपम् ।
समगमनविहीनं विद्धि विज्ञानमेकं
गगनमिव विशालं विद्धि विज्ञानमेकम् ॥ ४४ ॥

અગ્નિ તથા જળથી રહિત એક વિજ્ઞાનને તું જાણ; પૃથ્વી તથા જળથી રહિત એક વિજ્ઞાનસ્વરૂપને તું જાણ; સમાન તથા ગતિરહિત એક વિજ્ઞાનને તું જાણ અને આકાશ જેવા વિશાળ એક વિજ્ઞાનને તું અનુભવ. ૪૪

न शून्यरूपं न विशून्यरूपं न शुद्धरूपं न विशुद्धरूपम् ।
रूपं विरूपं न भवामि किंचित् स्वरूपरूपं परमार्थतत्त्वम् ॥४५॥

હું શૂન્યરૂપ નથી, અશૂન્યરૂપ નથી, શુદ્ધરૂપ નથી, અશુદ્ધ-રૂપ નથી, કોઈ રૂપ નથી અને રૂપરહિત પણ નથી; હું તો પરમાર્થ જ સત્ય તત્ત્વ આત્માના સ્વરૂપરૂપે જ છું. ૪૫

मुञ्च मुञ्च हि संसारं त्यागं मुञ्च हि सर्वथा ।
त्यागात्यागविषं शुद्धममृतं सहजं ध्रुवम् ॥ ४६ ॥

છોડી દે, સંસારને છોડી જ દે; ત્યાગને સર્વ પ્રકારે તું છોડ અને ત્યાગ–અત્યાગરૂપ ઝેરને પણ ત્યજી દે; કેમ કે આત્મ-સ્વરૂપ શુદ્ધ, અમર, સ્વભાવસિદ્ધ તથા અવિચળ છે. ૪૬

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायामात्म-
संवित्त्युपदेशो नाम तृतीयोऽध्यायः ॥ ३ ॥

એમ શ્રી દત્તાત્રેયવિરચિત અવધૂત ગીતામાં 'આત્મ-જ્ઞાનનો ઉપદેશ' નામે અધ્યાય ૩જો સમાપ્ત.

## અધ્યાય ૪થો

### શિવપૂજન કઈ રીતે થાય ?

नावाहनं नैव विसर्जनं वा पुष्पाणि पत्राणि कथं भवन्ति ।
ध्यानानि मन्त्राणि कथं भवन्ति समासमं चैव शिवार्चनं च ॥ १ ॥

આત્મસ્વરૂપનું આવાહન અથવા વિસર્જન જ થઈ શકતું નથી; વળી પુષ્પો, પાંખડીઓ કે પાંદડાં કેવી રીતે છે? ધ્યાન તથા મંત્રો પણ કઈ રીતે છે? સમ તથા અસમ પણ કેવી રીતે છે? તો શિવપૂજન પણ શી રીતે થાય? ૧

### હું તો મુક્ત છું.

न केवलं बन्धविबन्धमुक्तो न केवलं शुद्धविशुद्धमुक्तः ।
न केवलं योगवियोगमुक्तः स वै विमुक्तो गगनोपमोऽहम् ॥ २ ॥

હું કેવળ બંધન તથા વિશેષ બંધનથી મુક્ત નથી; કેવળ શુદ્ધ અથવા અશુદ્ધ હોઈ મુક્ત નથી; અને કેવળ સંયોગ અથવા વિયોગથી મુક્ત નથી; પણ તે જ હું આકાશ જેવો (નિર્લેપ હોઈ) સંપૂર્ણ મુક્ત છું. ૨

### હું મોક્ષરૂપ તથા નિર્દોષ છું.

संजायते सर्वमिदं हि तथ्यं संजायते सर्वमिदं वितथ्यम् ।
एवं विकल्पो मम नैव जातः स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ३ ॥

આ બધું ઉત્પન્ન થાય છે, તે સાચું છે અથવા આ બધું ઉત્પન્ન થાય છે, તે અત્યંત જૂઠું છે, આવો વિકલ્પ મને થયો જ નથી; કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ અને નિર્દોષ છું. ૩

न साञ्जनं चैव निरञ्जनं वा न चान्तरं वापि निरन्तरं वा ।
अन्तर्विभिन्नं नहि मे विभाति स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ४ ॥

આત્મતત્ત્વ લેપવાળું—મલિન નથી; અથવા નિર્લેપ—નિર્મળ પણ નથી; વળી તે અંતરવાળું કે અંતરવિનાનું પણ નથી; તેમ જ અંદર વિશેષ ભેદવાળું પણ મને તે દેખાતું નથી; કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ અને નિર્દોષ છું. ૪

अबोधबोधो मम नैव जातो बोधस्वरूपं मम नैव जातम् ।
निर्बोधबोधं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ५ ॥

મને અજ્ઞાન કે જ્ઞાન થયું જ નથી; મારું બોધસ્વરૂપ પણ નથી જ થયું; તો એને અજ્ઞાન કે જ્ઞાનરૂપ હું કેવી રીતે કહું? હું તો સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૫

न धर्मयुक्तो न च पापयुक्तो न बन्धयुक्तो न च मोक्षयुक्तः ।
युक्तं त्वयुक्तं न च मे विभाति स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥६॥

હું ધર્મયુક્ત નથી અને પાપયુક્ત નથી; હું બંધનયુક્ત કે મોક્ષયુક્ત પણ નથી; તેમ જ યુક્ત કે અયુક્ત મને કંઈ જણાતું જ નથી; કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૬

परापरं वा न च मे कदाचिन्मध्यस्थभावो हि न चारिमित्रम् ।
हिताहितं चापि कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ७ ॥

મારે પર કે અપર એવું કદી છે જ નહિ; મધ્યસ્થભાવ, શત્રુ કે મિત્ર કોઈ નથી; તો હું હિત કે અહિત કેમ કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૭

नोपासको नैवमुपास्यरूपं न चोपदेशो न च मे क्रिया च ।
संवित्स्वरूपं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ८ ॥

હું ઉપાસના કરનાર નથી, ઉપાસના કરવા યોગ્ય સ્વરૂપ નથી, મને કોઈ ઉપદેશ નથી અને ક્રિયા પણ નથી; વળી હું મને જ્ઞાનસ્વરૂપ પણ કેમ કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૮

नो व्यापकं व्याप्यमिहास्ति किंचिन्न चालयं वापि निरालयं वा।
अशून्यशून्यं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ९ ॥

આ આત્મસ્વરૂપમાં કંઈ વ્યાપક નથી અને કંઈ વ્યાપવા યોગ્ય પણ નથી; તેમ જ આશ્રયરૂપ કે આશ્રયરહિત પણ તે નથી; છતાં તેને અશૂન્ય કે શૂન્ય હું કેમ કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૯

न ग्राहको ग्राह्यकमेव किंचिन्न कारणं वा मम नैव कार्यम्।
अचिन्त्यचिन्त्यं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥१०॥

મને કોઈ ગ્રહણ કરનાર નથી અથવા મારે કંઈ ગ્રહણ કરવા યોગ્ય નથી; મારું કોઈ કારણ નથી અને કાર્ય પણ નથી; હું મને અચિંતનીય અથવા ચિંતનીય કેમ કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૦

न भेदकं वापि न चैव भेद्यं न वेदकं वा मम नैव वेद्यम्।
गतागतं तात कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ ११ ॥

મને કોઈ જુદો પાડનાર નથી અથવા મારે કંઈ જુદું પાડવા યોગ્ય નથી; મને કોઈ જાણનાર નથી અથવા મારે કંઈ જાણવા જેવું પણ નથી. હે તાત! હું મારું ગમન કે આગમન પણ કેવી રીતે કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૧

न चास्ति देहो न च मे विदेहो बुद्धिर्मनो मे न हि चेंद्रियाणि ।
रागो विरागश्च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ १२ ॥

મારે દેહ નથી, હું દેહરહિત પણ નથી; મારે બુદ્ધિ, મન કે ઇંદ્રિયો પણ નથી; તો મને રાગ અથવા વિરાગ છે, એમ હું કઈ રીતે કહું ? કેમ કે હું તો સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૨

उल्लेखमात्रं न हि भिन्नमुच्चैरुल्लेखमात्रं न तिरोहितं वै ।
समासमं मित्र कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ १३ ॥

માત્ર ઉલ્લેખ થઈ શકે એટલું યે મારાથી જુદું કંઈ છે જ નહિ અને માત્ર જણાવી શકાય એટલું યે મારાથી કંઈ ગુપ્ત નથી; તેમ જ હે મિત્ર ! હું મને સમાન કે અસમાન કઈ રીતે કહું ? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૩

जितेन्द्रियोऽहं त्वजितेन्द्रियो वा न संयमो मे नियमो न जातः ।
जयाजयौ मित्र कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥१४॥

હું જિતેન્દ્રિય કે અજિતેન્દ્રિય કેમ હોઉં ? મારે (માટે) સંયમ કે નિયમ ઉત્પન્ન થયો જ નથી; હે મિત્ર ! જય કે પરાજય હું કેમ કહું ? કેમ કે હું તો સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૪

अमूर्तमूर्तिर्न च मे कदाचिदाद्यन्तमध्यं न च मे कदाचित् ।
बलाबलं मित्र कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ १५ ॥

મારી મૂર્તિરહિત સ્થિતિ કે મૂર્તિ કદી નથી અને મારાં આદિ, મધ્ય કે અંત કદી નથી; હે મિત્ર ! મારું બળ કે અબળ હું કેમ કહું ? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા

નિર્દોષ છું. ૧૫

मृतामृतं वापि विषाविषं च संजायते तात न मे कदाचित् ।
अशुद्धशुद्धं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ १६ ॥

હે તાત! મારું મરણ કે જીવન નથી અને મને ઝેર કે અઝેર કદી થતાં નથી; હું મને અશુદ્ધ કે શુદ્ધ કેમ કહું? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૬

स्वप्नः प्रबोधो न च योगमुद्रा नक्तं दिवा वापि न मे कदाचित् ।
अतुर्यतुर्यं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ १७ ॥

મારે સ્વપ્ન, જાગૃતિ, યોગમુદ્રા, રાત કે દહાડો કદી પણ નથી; તેમ જ હું મને તુરીય અવસ્થા વિનાનો કે તુરીય અવસ્થાવાળો કેમ કહું? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૭

संविद्धि मां सर्वविसर्वमुक्तं माया विमाया न च मे कदाचित् ।
संध्यादिकं कर्म कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥१८॥

મને સર્વ—સમષ્ટિ તથા વિસર્વ—વ્યષ્ટિથી રહિત તું જાણ અને મને માયા કે માયાનો અભાવ કદી નથી; હું સંધ્યા વગેરે કર્મ કેમ કહું? કારણ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું.૧૮

संविद्धि मां सर्वसमाधियुक्तं संविद्धि मां लक्ष्यविलक्ष्यमुक्तम् ।
योगं वियोगं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥१९॥

મને (સંપ્રજ્ઞાત—અસંપ્રજ્ઞાત આદિ) સર્વ સમાધિઓથી યુક્ત તું જાણ અને મને લક્ષ્ય તથા અલક્ષ્યથી રહિત તું જાણ. હું યોગ તથા અયોગને કેમ કહું? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૧૯

मूर्खोऽपि नाहं न च पण्डितोऽहं मौनं विमौनं न च मे कदाचित्।
तर्कं वितर्कं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ २० ॥

હું મૂર્ખ નથી અને હું પંડિત પણ નથી; મારે મૌન કે મૌનનો અભાવ કદી નથી; હું તર્કને તથા તર્કના અભાવને કેમ કહું ? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૨૦

पिता च माता च कुलं न जातिर्जन्मादिमृत्युर्न च मे कदाचित्।
स्नेहं विमोहं च कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥२१॥

મારે પિતા, માતા, કુળ કે જાતિ નથી અને મારાં જન્મ વગેરે તથા મરણ પણ કદી નથી; હું સ્નેહને તથા વિશેષ મોહને (કે મોહના અભાવને) કેવી રીતે કહું ? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૨૧

अस्तं गतो नैव सदोदितोऽहं तेजो वितेजो न च मे कदाचित्।
संध्यादिकं कर्म कथं वदामि स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥२२॥

હું અસ્ત પામ્યો જ નથી, પણ સદા ઉદય પામેલો જ છું; મારે તેજ કે તેજનો અભાવ–અંધારું કદી નથી. સંધ્યા આદિ કર્મને હું કેમ કહું ? કેમ કે હું સ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૨૨

असंशयं विद्धि निराकुलं मामसंशयं विद्धि निरन्तरं माम्।
असंशयं विद्धि निरञ्जनं मां स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥ २३ ॥

મને નિઃસંશય આકુળતા કે ગભરાટ વિનાનો તું જાણ; મને નિઃસંશય અંતર કે ભેદવિનાનો તું જાણ અને મને નિઃસંશય નિરંજન–નિર્લેપ તું જાણ; કેમ કે હું સ્વરૂપેજ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૨૩

ध्यानानि सर्वाणि परित्यजन्ति शुभाशुभं कर्म परित्यजन्ति ।
त्यागामृतं तात पिबन्ति धीराः स्वरूपनिर्वाणमनामयोऽहम् ॥२४॥

હે તાત ! ધીર (જ્ઞાની)ઓ સર્વ ધ્યાન છોડે છે અને શુભ તથા અશુભ કર્મનો પણ ત્યાગ કરે છે; તેઓ ત્યાગરૂપ અમૃત જ પીએ છે; ( કેમ કે તેઓ સમજે છે કે ) હું–આત્માસ્વરૂપે જ મોક્ષરૂપ તથા નિર્દોષ છું. ૨૪

विन्दति विन्दति नहि नहि यत्र छन्दोलक्षणं नहि नहि तत्र ।
समरसमग्नो भावितपूतः प्रलपति तत्त्वं परमवधूतः ॥ २५ ॥

અવધૂત–મસ્ત જ્ઞાની, જ્યાં ( પોતા સિવાયની ) કોઈ વસ્તુને મેળવતો નથી અને અનુભવતો નથી; તે–આત્મસ્વરૂપમાં વેદ કે વ્યાકરણ નથી જ નથી; એ તો સમાન ( આત્મારૂપ ) રસમાં મગ્ન તથા ( આત્મ )ભાવનાથી પવિત્ર હોઈ પરમતત્ત્વ–પરમાત્મા-ને જ જપ્યા કરે છે. ૨૫

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायां स्वामि-
कार्तिकसंवादे स्वात्मसंवित्त्युपदेशे स्वरूप-
निर्णयो नाम चतुर्थोऽध्यायः ॥ ४ ॥

એમ શ્રી દત્તાત્રેયવિરચિત અવધૂત ગીતામાં ‘દત્ત તથા
સ્વામિ કાર્તિકેય’ના સંવાદ વિષે સ્વાત્માનુભવના ઉપદેશમાં
‘સ્વરૂપનિર્ણય’ નામે અધ્યાય ૪થો સમાપ્ત.

# અધ્યાય ૫મો

ॐ માંહેના અક્ષર તથા બિંદુનો ઉચ્ચાર કઈ રીતે?

ॐमिति गदितं गगनसमं तन्न परापरसारविचार इति ।
अविलासविलासनिराकरणं कथमक्षरबिन्दुसमुच्चरणम् ॥ १ ॥

જેને ॐ એમ કહેલ છે, તે પરમતત્ત્વ આકાશ જેવું-નિર્લેપ તથા વ્યાપક છે; અને પર કે અપર સાર તરીકે વિચારી શકાતું નથી; વળી અવિલાસ તથા વિલાસનો પણ જેમાં અભાવ છે, તેનો (ॐ એમાંના) અક્ષર તથા બિંદુરૂપે ઉચ્ચાર કેમ થાય? ૧

હે મન! સર્વસમાન છતાં તું કેમ રડે છે?

इति तत्त्वमसिप्रभृतिश्रुतिभिः प्रतिपादितमात्मनि तत्त्वमसि ।
त्वमुपाधिविवर्जितसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ २ ॥

'तत्त्वमसि-તે તું છે' આદિ શ્રુતિઓએ, આત્મા વિષે જ 'તે તું છે' એમ પ્રતિપાદન કર્યું છે; તેથી તું ઉપાધિરહિત તથા સર્વમાં સમાન-પરમતત્ત્વ છે; એમ હે મન! સર્વસમાન છતાં તું કેમ **રડે છે?** ૨

अधऊर्ध्वविवर्जितसर्वसमं बहिरन्तरवर्जितसर्वसमम् ।
यदि चैकविवर्जितसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ ३ ॥

નીચે કે ઉપરવિનાનું બધું સમાન(આત્મસ્વરૂપ) છે; બહાર કે અંદર વિનાનું બધું સમાન છે અને એકરહિત બધું જો સમાન છે, તો હે મન! સર્વસમાન છતાં તું કેમ રડે છે? ૩

नहि कल्पितकल्पविचारं इति नहि कारणकार्यविचार इति ।
पदसंधिविवर्जितसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ ४ ॥

જેમાં કલ્પિત કે કલ્પના એવો વિચાર જ થઈ શકતો નથી; અને કારણ કે કાર્ય એવો વિચાર પણ થઈ શકતો નથી અને જે પદ તથા સંધિથી રહિત સર્વમાં સમાન છે; એવું સર્વસમાન–આત્મસ્વરૂપ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૪

नहि बोधविबोधसमाधिरिति नहि देशविदेशसमाधिरिति ।
नहि कालविकालसमाधिरिति किमु रोदिषि मानस सर्वसमम् ॥५॥

જે જ્ઞાન કે વિજ્ઞાનની સ્થિતિવાળો છે એમ નથી; દેશ કે પરદેશમાં સ્થિતિવાળો છે, એમ પણ નથી અને (ચાલુ) કાળ કે વિશેષ–અમુક કાળમાં સ્થિતિવાળો છે, એમ પણ નથી; તે તો સર્વસમાન છે, છતાં હે મન! તું કેમ રડે છે? ૫

नहि कुंभनभो नहि कुंभ इति नहि जीववपुर्नहि जीव इति ।
नहि कारणकार्यविभाग इति किमु रोदिषि मानस सर्वसमम् ॥६॥

જેમ ઘડામાંનું આકાશ નથી, તેમ ઘડો યે નથી; એ જ રીતે જીવને શરીર નથી અને જીવ પણ નથી; વળી કાર્ય કે કારણનો વિભાગ પણ નથી; એતો સર્વસમાન છે, છતાં હે મન! તું કેમ રડે છે? ૬

इह सर्वनिरन्तरमोक्षपदं लघुदीर्घविचारविहीन इति ।
नहि वर्तुलकोणविभाग इति किमु रोदिषि मानस सर्वसमम् ॥७॥

અહીં બધે અંતરવિનાનું મોક્ષપદ જ છે; આત્મા ટૂંકો કે લાંબો–એવા વિચારથી રહિત જ છે; વળી ગોળ કે ખૂણા–એવો વિભાગ પણ એમાં નથી; એ તો સર્વ રીતે સમાન જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૭

इह शून्यविशून्यविहीन इति इह शुद्धविशुद्धविहीन इति ।
इह सर्वविसर्वविहीन इति किमु रोदिषि मानस सर्वसमम् ॥ ८ ॥

અહીં તે શૂન્ય તથા અશૂન્યથી રહિત જ છે; અહીં એ શુદ્ધ કે અશુદ્ધ પણ નથી; તેમ જ અહીં તે સર્વ કે અસર્વથી પણ રહિત જ છે; એમ તે આત્મસ્વરૂપ, સર્વ રીતે સમાન જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૮

नहि भिन्नविभिन्नविचार इति बहिरन्तरसंधिविचार इति ।
अरिमित्रविवर्जितसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ ९ ॥

એમાં ભિન્ન કે અભિન્ન એવો વિચાર જ થઈ શકતો નથી; તેમ જ એમાં બહાર કે અંદર સાંધાનો વિચાર પણ થઈ શકતો નથી; એ આત્મસ્વરૂપ શત્રુ કે મિત્રથી રહિત હોઈ સર્વમાં સમાન છે અને બધી રીતે સરખું જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૯

नहि शिष्यविशिष्यसरूप इति न चराचरभेदविचार इति ।
इह सर्वनिरन्तरमोक्षपदं किमु रोदिषि मानस सर्वसमम् ॥ १० ॥

તે શિષ્ય સમાન રૂપવાળો કે અશિષ્ય સમાન રૂપવાળો છે, એમ નથી; એમાં જંગમ કે સ્થાવરના ભેદનો વિચાર છે, એમ પણ નથી; અહીં સર્વમાં અંતરવિનાનું એ મોક્ષપદ જ છે; અને બધી રીતે સરખું છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૧૦

ननु रूपविरूपविहीन इति ननु भिन्नविभिन्नविहीन इति ।
ननु सर्गविसर्गविहीन इति किमु रोदिषि मानस सर्वसमम् ॥११॥

આત્મા રૂપ કે અરૂપથી રહિત છે? એવો પ્રશ્ન જ નથી; આત્મા ભેદ કે અભેદથી રહિત છે? એવો પ્રશ્ન જ નથી; તેમ જ એ સૃષ્ટિ કે પ્રલયથી રહિત છે? એવો પ્રશ્ન પણ નથી; એ તો બધી રીતે સમાન સ્વરૂપ જ છે, છતાં હે મન! તું કેમ રડે છે? ૧૧

न गुणागुणपाशनिबन्ध इति मृतजीवनकर्म करोमि कथम् ।
इति शुद्धनिरञ्जनसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ १२ ॥

આત્માને ગુણો કે અગુણોરૂપી પાશનું બંધન છે, એવું નથી; તો હું મરણનું કે જીવનનું કર્મ કેમ કરું? એમ આત્મસ્વરૂપ શુદ્ધ, નિર્લેપ, સર્વમાં સમાન તથા બધી રીતે સરખું જ છે, છતાં હે મન! તું કેમ રડે છે? ૧૨

इह भावविभावविहीन इति इह कामविकामविहीन इति ।
इह बोधतमं खलु मोक्षसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥१३॥

અહીં ભાવ તથા અભાવથી રહિત એવો આત્મા જ છે; અહીં કામ તથા અકામથી રહિત એવો આત્મા જ છે અને અહીં ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વરૂપ, મોક્ષસ્વરૂપ તથા સર્વમાં સમાન આત્મસ્વરૂપ જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૧૩

इह तत्त्वनिरन्तरतत्त्वमिति नहि संधिविसंधिविहीन इति ।
यदि सर्वविवर्जितसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥ १४ ॥

આમાં તત્ત્વ છે અથવા ખીચોખીચ તત્ત્વ જ છે, એવું છે જ નહિ; તેમ જ એ સાંધા કે સાંધાના અભાવથી રહિત છે, એવું પણ નથી; એમ જો સર્વથી રહિત, સર્વમાં સમાન તથા બધી રીતે સરખું જ આત્મતત્ત્વ છે, તો હે મન! તું કેમ રડે છે? ૧૪

अनिकेतकुटीपरिवारसमम् इह संगविसंगविहीनपरम् ।
इह बोधविबोधविहीनपरं किमु रोदिषि मानस सर्वसमम् ॥ १५ ॥

અહીં ઘર, ઝૂંપડાં કે પરિવાર વિનાનું સમાન તત્ત્વ જ છે; સંગ કે અસંગથી રહિત પર તત્ત્વ જ છે અને અહીં જ્ઞાન કે અજ્ઞાનથી રહિત શ્રેષ્ઠ તત્ત્વ જ બધી રીતે સરખું રહ્યું છે;

છતાં હે મન! તું કેમ રડે છે? ૧૫

अविकारविकारमसत्यमिति अविलक्षविलक्षमसत्यमिति ।
यदि केवलमात्मनि सत्यमिति किमु रोदिषि मानस सर्वसमम् ॥

આત્મતત્ત્વ વિકારરહિત અથવા વિકારવાળું છે, એ ખોટું છે; તેમ જ એ જોઈ શકાય એવું નથી અથવા જોઈ શકાય એવું છે, એ ખોટું છે; જો કેવળ આત્મામાં જ સત્ય રહ્યું છે અને તે બધામાં સમાન છે, તો હે મન! તું કેમ રડે છે? ૧૬

इह सर्वतमं खलु जीव इति इह सर्वनिरन्तरजीव इति ।
इह केवलनिश्चलजीव इति किमु रोदिषि मानस सर्वसमम् ॥१७॥

અહીં જીવ જ સર્વથી શ્રેષ્ઠ તત્ત્વ છે; અહીં સર્વમાં નિરંતર જીવ જ રહ્યો છે અને અહીં કેવળ નિશ્ચળસ્વરૂપ જીવ જ છે; એમ બધામાં તે (જીવરૂપ આત્મતત્ત્વ) સમાનસ્વરૂપ જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૧૭

अविवेकविवेकमबोध इति अविकल्पविकल्पमबोध इति
यदि चैकनिरन्तरबोध इति किमु रोदिषि मानस सर्वसमम् ॥१८॥

અવિવેક તથા વિવેક એ અજ્ઞાન છે; અને અવિકલ્પ તથા વિકલ્પ પણ અજ્ઞાન જ છે; જો એક જ (આત્મા) નિરંતર જ્ઞાનરૂપ છે અને બધામાં તે સમાન જ છે, તો હે મન! તું કેમ રડે છે? ૧૮

नहि मोक्षपदं नहि बन्धपदं नहि पुण्यपदं नहि पापपदम् ।
नहि पूर्णपदं नहि रिक्तपदं किमु रोदिषि मानस सर्वसमम् ॥१९॥

મોક્ષપદ નથી જ, બંધનપદ નથી જ, પુણ્યપદ નથી જ, પાપપદ નથી જ, પૂર્ણપદ નથી અને શૂન્યપદ પણ નથી જ; બધે સમાન—એક આત્મતત્ત્વ જ છે, છતાં હે મન! તું કેમ રડે છે? ૧૯

यदि वर्णविवर्णविहीनसमं यदि कारणकार्यविहीनसमम् ।
यदि भेदविभेदविहीनसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥२०॥

જો વર્ણ કે વર્ણના અભાવથી રહિત સમાન તત્ત્વ છે, જો કારણ કે કાર્યથી રહિત સમાન તત્ત્વ છે અને જો ભેદ કે અભેદથી રહિત સરખું જ આત્મતત્ત્વ છે, તો સર્વમાં તે સમાન જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૦

इह सर्वनिरन्तरसर्वचिते इह केवलनिश्चलसर्वचिते ।
द्विपदादिविवर्जितसर्वचिते किमु रोदिषि मानस सर्वसमम् ॥२१॥

આ આત્મા સર્વમાં નિરંતર સંપૂર્ણ વ્યાપ્ત છે; કેવળ નિશ્ચળ હોઈ સર્વમાં તે રહેલ છે અને બેપગાં વગેરે ભેદથી રહિત હોઈ સર્વમાં તે વ્યાપી રહેલ છે; તેમાં બધું સરખું જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૧

अतिसर्वनिरन्तरसर्वगतं अतिनिर्मलनिश्चलसर्वगतम् ।
दिनरात्रिविवर्जितसर्वगतं किमु रोदिषि मानस सर्वसमम् ॥२२॥

આત્મતત્ત્વ સર્વને ઓળંગી નિરંતર સર્વમાં ગયેલ છે; અતિશય નિર્મળ, નિશ્ચળ તથા સર્વવ્યાપી છે અને દિવસ કે રાત્રિથી રહિત હોઈ સર્વમાં રહેલું તથા સર્વમાં સમાન છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૨

नहि बन्धविबन्धसमागमनं नहि योगवियोगसमागमनम् ।
नहि तर्कवितर्कसमागमनं किमु रोदिषि मानस सर्वसमम् ॥२३॥

આત્માને બંધન કે મોક્ષની પ્રાપ્તિ નથી; યોગ કે વિયોગનો સમાગમ નથી અને તર્ક કે વિતર્ક પણ એને આવતા નથી; એ તો બધી રીતે સમાન જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૩

इह कालविकालनिराकरणमणुमात्रकृशानुनिराकरणम् ।
नहि केवलसत्यनिराकरणं किमु रोदिषि मानस सर्वसमम् ॥२४॥

એમાં કાળ કે અકાળ દૂર જ છે અને એમાં લેશ માત્ર પણ અગ્નિનો સંબંધ જ નથી; કેવળ તે સત્યથી દૂર નથી; અર્થાત્ સત્યમય જ છે; કેમ કે તે સર્વમાં સમાનસ્વરૂપે રહેલ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૪

इह देहविदेहविहीन इति ननु स्वप्नसुषुप्तिविहीनपरम् ।
अभिधानविधानविहीनपरं किमु रोदिषि मानस सर्वसमम् ॥२५॥

એમ દેહ તથા અદેહથી રહિત આત્મા, અહીં–સર્વમાં છે; સ્વપ્ન તથા સુષુપ્તિથી રહિત એ જ પર તત્ત્વ છે અને તે નામ તથા ક્રિયાથી રહિત શ્રેષ્ઠ છે તથા સર્વમાં સમાન છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૫

गगनोपमशुद्धविशालसमम् अपि सर्वविवर्जितसर्वसमम् ।
गतसारविसारविकारसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥२६॥

આત્મતત્ત્વ આકાશ જેવું–નિર્લેપ, શુદ્ધ, વિશાળ અને સમાન સ્વરૂપ છે; છતાં સર્વથી રહિત અને બધે સરખું જ છે; વળી તે સાર, અસાર તથા વિકારથી રહિત હોઈ સર્વસ્વરૂપ છે અને સર્વમાં સમાન છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૬

इह धर्मविधर्मविरागतरम् इह वस्तुविवस्तुविरागतरम् ।
इह कामविकामविरागतरं किमु रोदिषि मानस सर्वसमम् ॥२७॥

એમાં ધર્મ તથા અધર્મ વિષેનો અત્યંત વૈરાગ્ય છે; એમાં વસ્તુ કે અવસ્તુ ઉપરનો પૂર્ણ વૈરાગ્ય છે અને એમાં કામ તથા અકામ ઉપરનો અતિશય વૈરાગ્ય છે; કેમ કે એમાં બધુંયે સરખું છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૭

सुखदुःखविवर्जितसर्वसमम् इहशोकविशोकविहीनपरम् ।
गुरुशिष्यविवर्जिततत्त्वपरं किमु रोदिषि मानस सर्वसमम् ॥२८॥

આ વિશ્વમાં સુખદુઃખથી રહિત, સર્વમાં સમાન તથા શોક અને અશોકથી રહિત શ્રેષ્ઠ તત્ત્વ જ રહ્યું છે; વળી ગુરુ કે શિષ્યથી રહિત એ શ્રેષ્ઠ તત્ત્વ બધામાં સરખું જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૮

न किलांकुरसारविसार इति न चलाचलसाम्यविसाम्यमिति ॥
अविचारविचारविहीनमिति किमु रोदिषि मानस सर्वसमम् ॥२९॥

આત્મા અંકુરનો સાર કે અસાર છે, એમ નથી જ અને ચળ, અચળ, સમાનતાવાળો કે વિષમતાવાળો છે, એમ પણ નથી; એ તો અવિચાર તથા વિચારથી રહિત હોઈ સર્વમાં સરખો જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૨૯

इह सारसमुच्चयसारमिति कथितं निजभावविभेद इति ।
विषये करणत्वमसत्यमिति किमु रोदिषि मानस सर्वसमम् ॥३०॥

એ રીતે અહીં સારસંગ્રહનો પણ સાર મેં કહ્યો છે, આત્મભાવમાં કોઈ ભેદ છે જ નહિ; વિષયોમાં ઇંદ્રિયો જોડવી તે સત્ય નથી અને આત્મતત્ત્વ બધામાં સરખું જ છે; છતાં હે મન! તું કેમ રડે છે? ૩૦

बहुधा श्रुतयः प्रवदन्ति यतो वियदादिरिदं मृगतोयसमम् ।
यदि चैकनिरन्तरसर्वसमं किमु रोदिषि मानस सर्वसमम् ॥३१॥

કેમ કે અનેક શ્રુતિઓ કહે છે, કે આકાશ વગેરે આ જગત ઝાંઝવાના જળ જેવું ખોટું છે; જો એક આત્મતત્ત્વ નિરંતર સર્વસમાન તથા બધામાં સરખું જ છે, તો હે મન! તું કેમ રડે છે? ૩૧

विन्दति विन्दति नहि नहि यत्र च्छन्दोलक्षणं नहि नहि तत्र।
समरसमग्नो भावितपूतः प्रलपति तत्त्वं परमवधूतः ॥ ३२ ॥

અવધૂત–મસ્તજ્ઞાની જ્યાં (પોતા સિવાયની) કોઈ વસ્તુને મેળવતો નથી અને અનુભવતો નથી; તે–આત્મતત્ત્વમાં વેદ કે વ્યાકરણ નથી જ નથી; માટે સમાન–આત્મરસમાં મગ્ન અને એની ભાવનાથી પવિત્ર થયેલો અવધૂત, પરમતત્ત્વ–પરમાત્માને જપ્યા કરે છે. ૩૨

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायां स्वामि-
कार्तिकसंवादे आत्मसंवित्त्युपदेशे समदृष्टि-
कथनं नाम पञ्चमोऽध्यायः ॥ ५ ॥

એમ શ્રીદત્તાત્રેયવિરચિત અવધૂતગીતામાં સ્વામી દત્ત અને
કાર્તિકેયના સંવાદ વિષે આત્મજ્ઞાનના ઉપદેશમાં
'સમદૃષ્ટિકથન' નામે અધ્યાય ૫મો સમાપ્ત.

---

## પુરુષાર્થબોધિની ગીતા

મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને પં. સાતવલેકરજીની
વિસ્તૃત ટીકા, ભક્તિ અને જ્ઞાનના વ્યવહારોપયોગી સિદ્ધાંતો,
વેદ અને પુરાણોમાંથી આધારભૂત પ્રમાણો સાથે સરળ ભાષામાં.

મૂલ્ય ૧૦–૦–૦ : પાન ૧૦૬૪ : ટ. ખ. ૧–૨–૦

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–અમદાવાદ

## અધ્યાય ૬ઠ્ઠો

### ઉપમેય ને ઉપમા કેમ ?

बहुधा श्रुतयः प्रवदन्ति यतो वियदादिरिदं मृगतोयसमम् ।
यदि चैकनिरन्तरसर्वशिवम् उपमेयमथो ह्युपमा च कथम् ॥१॥

અનેક શ્રુતિઓ જેથી કહે છે, કે આકાશ વગેરે આ ઝાંઝવાના જળ જેવું–ખોટું છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો ઉપમેય અને ઉપમા કેવી રીતે ? ૧

### યજ્ઞ ને તપ કેવી રીતે ?

अविभक्तिविभक्तिविहीनपरं ननु कार्यविकार्यविहीनपरम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं यजनं च कथं तपनं च कथम् ॥२॥

અવિભાગ તથા વિભાગથી રહિત પર તત્ત્વ કાર્ય અને અકાર્યથી રહિત તથા સર્વોત્કૃષ્ટ છે; અને જો એક, નિરંતર બધું શિવસ્વરૂપ જ છે, તો યજ્ઞ તથા તપ કેમ હોઈ શકે ? ૨

### મન કે વચનથી અગોચર કેમ ?

मन एव निरन्तरसर्वगतं ह्यविशालविशालविहीनपरम् ।
मन एव निरन्तरसर्वशिवं मनसापि कथं वचसा च कथम् ॥३॥

મન જ નિરંતર સર્વમાં રહ્યું છે અને અવિશાળ તથા વિશાળથી રહિત શ્રેષ્ઠ તત્ત્વ જો મન જ છે અને તે જ નિરંતર સર્વમાં શિવસ્વરૂપ છે, તો મનથી અગોચર તત્ત્વ કઈ રીતે ? અને વચનથી પણ અગોચર તત્ત્વ કેવી રીતે ? ૩

### સૂર્ય, ચંદ્ર ને અગ્નિ કેમ ?

दिनरात्रिविभेदनिराकरणमुदितानुदितस्य निराकरणम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं रविचन्द्रमसौ ज्वलनश्च कथम् ॥४॥

જો દિવસ ને રાત્રિનો ભેદ દૂર થાય છે, ઉદય પામેલ અને અસ્ત પામેલ હઠી જાય છે અને જો એક, નિરંતર બધું શિવસ્વરૂપ જ છે, તો પેલો સૂર્ય, ચંદ્ર તથા અગ્નિ કેમ હોઈ શકે ? ૪

બહારની ને અંદરની બુદ્ધિ કેમ ?

गतकामविकामविभेद इति गतचेष्टविचेष्टविभेद इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं बहिरन्तरभिन्नमतिश्च कथम् ॥ ५ ॥

કામ તથા અકામ એવો ભેદ જો જતો રહે છે, ચેષ્ટા કે અચેષ્ટા વિનાનો એવો ભેદ પણ જો જાય છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો બહાર ને અંદર એવા ભેદવાળી બુદ્ધિ કેમ હોઈ શકે ? ૫

પહેલું ને છેલ્લું કેવી રીતે ?

यदि सारविसारविहीन इति यदि शून्यविशून्यविहीन इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं प्रथमं च कथं चरमं च कथम् ॥६॥

જો આત્મા સાર તથા અસારથી રહિત છે, જો શૂન્ય તથા અશૂન્યથી રહિત છે અને જો એક, નિરંતર બધું શિવસ્વરૂપ જ છે, તો પહેલું કેવી રીતે ? અને છેલ્લું કેવી રીતે ? ૬

ત્રીજું ને ચોથું કેવી રીતે ?

यदि भेदविभेदनिराकरणं यदि वेदकवेद्यनिराकरणम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं तृतीयं च कथं तुरीयं च कथम् ॥७॥

જો ભેદ કે અભેદ દૂર થાય છે, જો જ્ઞાતા ને જ્ઞેય હઠી જાય છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો ત્રીજું કેવી રીતે ? અને ચોથું–તુરીય તત્ત્વ કઈ રીતે ? ૭

વિષયો વગેરે પણ કઈ રીતે ?

गदितागदितं नहि सत्यमिति विदिताविदितं नहि सत्यमिति ।
यदि चैकनिरन्तरसर्वशिवं विषयेन्द्रियबुद्धिमनांसि कथम् ॥ ८ ॥

જો કહેલું ને નહિ કહેલું સાચું નથી જ, જો જાણેલું ને નહિ જાણેલું સાચું નથી જ અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો વિષયો, ઇંદ્રિયો, મન તથા બુદ્ધિ કઈ રીતે હોઈ શકે? ૮

વરસાદ ને પાણી કેમ?

गगनं पवनो नहि सत्यमिति धरणी दहनो नहि सत्यमिति ।
यदि चैकनिरन्तरसर्वशिवं जलदश्च कथं सलिलं च कथम् ॥९॥

આકાશ ને પવન સાચા નથી, પૃથ્વી ને અગ્નિ સત્ય નથી અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો વરસાદ કેવી રીતે? અને પાણી કેમ હોઈ શકે? ૯

ગુણ–દોષના વિચારની બુદ્ધિ કેમ?

यदि कल्पितलोकनिराकरणं यदि कल्पितदेवनिराकरणम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं गुणदोषविचारमतिश्च कथम् ॥१०॥

જો કલ્પિત લોકો દૂર થાય છે, જો કલ્પિત દેવો હઠી જાય છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો ગુણ–દોષના વિચારની બુદ્ધિ કેમ હોઈ શકે? ૧૦

અવરજવર કેમ કહેવાય?

मरणामरणं हि निराकरणं करणाकरणं हि निराकरणम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं गमनागमनं हि कथं वदति ॥११॥

મરણ ને જન્મ દૂર જ થાય છે, કરવું ને નહિ કરવું પણ રહેતું જ નથી અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો જવું ને આવવું (લોક) કેમ કહે છે? ૧૧

પુરુષ ને પ્રકૃતિ (લોક) કેમ કહે છે?

प्रकृतिः पुरुषो नहि भेद इति नहि कारणकार्यविभेद इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं पुरुषापुरुषं च कथं वदति ॥१२॥

પ્રકૃતિ ને પુરુષ એવો ભેદ જ નથી, કાર્ય તથા કારણ

એવો ભેદ જ નથી અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો પુરુષ તથા પ્રકૃતિને (લોક) કેમ કહે છે? ૧૨

ઘરડો, જુવાન ને બાળક કેમ?

त्रितयं नहि दुःखसमागमनं न गुणाद्धितीयस्य समागमनम् ।
यदि चैकनिरन्तरसर्वशिवं स्थविरश्च युवा च शिशुश्च कथम् ॥१३॥

દુઃખ પમાડનાર ત્રણ અવયવોવાળું કોઈ તત્ત્વ જ નથી અને ગુણોથી રહિત આત્માને (બીજા કોઈનો) સમાગમ પણ નથી; વળી જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો ઘરડો, જુવાન અને બાળક કેમ હોઈ શકે? ૧૩

નષ્ટ–અનષ્ટ બુદ્ધિ કેમ?

ननु आश्रमवर्णविहीनपरं ननु कारणकर्तृविहीनपरम् ।
यदि चैकनिरन्तरसर्वशिवमविनष्टविनष्टमतिश्च कथम् ॥ १४ ॥

જો આશ્રમ તથા વર્ણથી રહિત પર તત્ત્વ જ છે; કારણ તથા કાર્યથી રહિત પર તત્ત્વ જ છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો નહિ નાશ પામેલી બુદ્ધિવાળો તથા નાશ પામેલી બુદ્ધિવાળો કેમ હોઈ શકે? ૧૪

અવિનાશી તથા વિનાશી કેમ?

ग्रसिताग्रसितं च वितथ्यमिति जनिताजनितं च वितथ्यमिति ।
यदि चैकनिरन्तरसर्वशिवमविनाशि विनाशि कथं हि भवेत् ॥१५॥

ગળેલું અને નહિ ગળેલું–એ ખોટું છે; જન્મેલું તથા નહિ જન્મેલું–એ પણ ખોટું જ છે અને જો એક, નિરંતર બધું શિવસ્વરૂપ જ છે, તો અવિનાશી તથા વિનાશી કેમ હોય?

અવિનોદ તથા વિનોદ બુદ્ધિવાળો કઈ રીતે?

पुरुषापुरुषस्य विनष्टमिंति वनितावनितस्य विनष्टमिति ।
यदि चैकनिरन्तरसर्वशिवमविनोदविनोदमतिश्च कथम् ॥१६॥

પુરુષ તથા અપુરુષનો ભેદ અત્યંત નાશ પામ્યો છે, સ્ત્રી

કે સ્ત્રીરહિતનો ભેદ પણ અત્યંત નાશ પામ્યો છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો અવિનોદ તથા વિનોદ (રમતગમત)ની બુદ્ધિવાળો કેમ હોય? ૧૬

હું ને મારું કેવી રીતે?

यदि मोहविषादविहीनपरो यदि संशयशोकविहीनपरः ।
यदि चैकनिरन्तरसर्वशिवमहमेति ममेति कथं च पुनः ॥ १७ ॥

જો મોહ તથા ખેદ વિનાનો પરમાત્મા છે, જો સંશય તથા શોક વિનાનો પરમાત્મા છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે; તો હું અને મારું એમ કઈ રીતે હોય? ૧૭

દુઃખ અને સુખની બુદ્ધિ કેમ?

ननु धर्मविधर्मविनाश इति ननु बन्धविबन्धविनाश इति ।
यदि चैकनिरन्तरसर्वशिवमिह दुःखविदुःखमतिश्च कथम् ॥१८॥

ધર્મ તથા અધર્મનો જો વિનાશ જ થઈ જાય છે, બંધન તથા મોક્ષ પણ નાશ જ પામે છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો દુઃખ અને સુખની બુદ્ધિ કેમ હોય? ૧૮

કર્મનાં ફળ કેવી રીતે?

नहि याज्ञिकयज्ञविभाग इति न हुताशनवस्तुविभाग इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं वद कर्मफलानि भवन्ति कथम् ॥१९॥

યજ્ઞ કરનાર તથા યજ્ઞ એવો વિભાગ જ નથી, અગ્નિ તથા તેમાં હોમવાની વસ્તુનો વિભાગ પણ નથી જ; અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો કર્મનાં ફળ કેવી રીતે છે, તે તું કહે. ૧૯

રાગ તથા વિરાગની બુદ્ધિ કેમ?

ननु शोकविशोकविमुक्त इति ननु दर्पविदर्पविमुक्त इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं ननु रागविरागमतिश्च कथम् ॥ २० ॥

ખરેખર આત્મા અવશ્ય શોક તથા મોહથી અત્યંત મુક્ત છે, ગર્વ તથા અગર્વથી પણ અત્યંત રહિત જ છે અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો રાગ તથા વિરાગની બુદ્ધિ કેમ હોઈ શકે? ૨૦

અવિવેક તથા વિવેકની બુદ્ધિ કેમ?

नहि मोहविमोहविकार इति नहि लोभविलोभविकार इति ।
यदि चैकनिरन्तरसर्वशिवं ह्यविवेकविवेकमतिश्च कथम् ॥ २१ ॥

મોહ તથા અમોહનો વિકાર જ નથી, લોભ તથા અલોભનો વિકાર પણ નથી જ; અને જો એક, નિરંતર, બધું શિવસ્વરૂપ જ છે, તો અવિવેક તથા વિવેકની બુદ્ધિ કેમ હોઈ શકે? ૨૧

હું અહીં વંદન કોને કરું?

त्वमहं नहि हंत कदाचिदपि कुलजातिविचारमसत्यमिति ।
अहमेव शिवः परमार्थ इति अभिवादनमत्र करोमि कथम् ॥२२॥

અહા! તું નથી અને હું પણ કદી નથી જ! કુળ તથા જાતિનો વિચાર પણ એમ ખોટો જ છે અને હું જ સાચો શિવ છું, તો અહીં હું વંદન કોને કઈ રીતે કરું? ૨૨

गुरुशिष्यविचारविशीर्ण इति उपदेशविचारविशीर्ण इति ।
अहमेव शिवः परमार्थ इति अभिवादनमत्र करोमि कथम् ॥२३॥

ગુરુ તથા શિષ્યનો વિચાર તૂટી પડે છે, ઉપદેશનો વિચાર પણ વિખરાઈ જાય છે અને હું જ સાચો શિવ છું, તો હું અહીં કોને કઈ રીતે વંદન કરું? ૨૩

नहि कल्पितदेहविभाग इति नहि कल्पितलोकविभाग इति ।
अहमेव शिवः परमार्थ इति अभिवादनमत्र करोमि कथम् ॥२४॥

કલ્પિત શરીરોના વિભાગ જ નથી, કલ્પિત લોકના પણ વિભાગ જ નથી અને હું જ સાચો શિવ છું, તો હું અહીં કોને

કેવી રીતે વંદન કરું? ૨૪

सरजा विरजा न कदाचिदपि ननु निर्मलनिश्चलशुद्ध इति ।
अहमेव शिवः परमार्थ इति अभिवादनमत्र करोमि कथम् ॥२५॥

હું રજોગુણવાળો તથા રજોગુણરહિત કદી પણ નથી; હું તો નિર્મળ, નિશ્ચળ તથા શુદ્ધ જ છું અને હું જ સાચો શિવ છું, તો હું અહીં કોને કઈ રીતે વંદન કરું? ૨૫

नहि देहविदेहविकल्प इति अनृतं चरितं नहि सत्यमिति ।
अहमेव शिवः परमार्थ इति अभिवादनमत्र करोमि कथम् ॥२६॥

દેહ તથા વિદેહની જુદીજુદી કલ્પના છે જ નહિ; સાચું કે જૂઠું ચરિત્ર પણ છે જ નહિ; હું જ સાચો શિવ છું, તો હું અહીં કોને કઈ રીતે વંદન કરું? ૨૬

विन्दति विन्दति नहि नहि यत्र च्छन्दोलक्षणं नहि नहि तत्र ।
समरसमग्नो भावितपूतः प्रलपति तत्त्वं परमवधूतः ॥ २७ ॥

અવધૂત (મસ્તજ્ઞાની), જેમાં એવો કોઈ ભેદ કદી મેળવતો નથી અને અનુભવતો નથી, તે પરમ તત્ત્વમાં વેદ કે વ્યાકરણ નથી જ નથી; માટે તે સમરસ(આત્મા)માં મગ્ન તથા એની જ ભાવનાથી પવિત્ર થઈ એ જ પરમ તત્ત્વને તે જપ્યા કરે છે. ૨૭

इति श्रीदत्तात्रेयविरचितायामवधूतगीतायां स्वामि-
कार्तिकसंवादे स्वात्मसंवित्त्युपदेशे मोक्षनिर्णयो
नाम षष्ठोऽध्यायः ॥ ६ ॥

એમ શ્રી દત્તાત્રેયવિરચિત અવધૂત ગીતામાં સ્વામી દત્ત અને
કાર્તિકેયના સંવાદ વિષે પોતાના આત્માના જ્ઞાનના ઉપદેશમાં
'મોક્ષનો નિર્ણય' નામે અધ્યાય ૬ઠ્ઠો સમાપ્ત.

# અધ્યાય ૭ મો

## અવધૂતસ્થિતિ

रथ्याकर्पटविरचितकन्थः पुण्यापुण्यविवर्जितपन्थः ।
शून्यागारे तिष्ठति नग्नो शुद्धनिरञ्जनसमरसमग्नः ॥ १ ॥

અવધૂતે શેરીઓનાં ચીથરાંની ગોદડી બનાવી હોય છે; તેણે પુણ્ય કે પાપના માર્ગ છોડયા હોય છે અને શુદ્ધ, નિરંજન, સમરસ(આત્મસ્વરૂપ)માં મગ્ન થઈ કોઈ શૂન્ય સ્થાનમાં તે નગ્ન રહે છે. ૧

लक्ष्यालक्ष्यविवर्जितलक्ष्यो युक्तायुक्तविवर्जितदक्षः ।
केवलतत्त्वनिरञ्जनपूतो वादविवादः कथमवधूतः ॥ २ ॥

લક્ષ્ય તથા અલક્ષ્યને છોડી પોતે જ લક્ષ્ય બનેલો, યોગ્ય તથા અયોગ્યથી રહિત છતાં ચતુર, કેવળ તત્ત્વસ્વરૂપ, નિરંજન તથા પવિત્ર થયેલો અવધૂત વાદવિવાદ કેમ કરે? ૨

आशापाशविबन्धनमुक्तः शौचाचारविवर्जितयुक्तः ।
एवं सर्वविवर्जितसंतस्तत्त्वं शुद्धनिरञ्जनवन्तः ॥ ३ ॥

એ તો આશારૂપી પાશના બંધનથી છૂટી ગયો હોય છે અને પવિત્રતા તથા આચારથી રહિત હોય છે; છતાં આત્મ-સ્વરૂપમાં જોડાયેલો જ રહે છે; એમ સર્વથી રહિત થયેલા અવધૂત(સંતો) શુદ્ધ તથા નિર્લેપ વસ્તુથી યુક્ત હોઈ તત્ત્વ-સ્વરૂપ જ થયા હોય છે. ૩

कथमिह देहविदेहविचारः कथमिह रागविरागविचारः ।
निर्मलनिश्चलगगनाकारं स्वयमिह तत्त्वं सहजाकारम् ॥ ४ ॥

એ અવધૂતમાં દેહ તથા અદેહનો વિચાર કેમ હોય?

એમાં રાગ કે વિરાગનો વિચાર કેમ હોય ? કેમ કે એ પોતે જ અહીં નિર્મળ, નિશ્ચળ તથા આકાશ જેવા આકારનું અને સહજસ્વરૂપ તત્ત્વ જ બન્યો હોય છે. ૪

कथमिह तत्त्वं विन्दति यत्र रूपमरूपं कथमिह तत्र ।
गगनाकारः परमो यत्र विषयीकरणं कथमिह तत्र ॥ ५ ॥

એ સ્થિતિમાં (બહારનાં) તત્ત્વને તે કેમ અનુભવે ? જ્યાં રૂપ અરૂપ થાય છે, ત્યાં–એ સ્થિતિમાં (કોઈનો અનુભવ) કેમ હોય ? જ્યાં આકાશ જેવા આકારનો (નિર્લેપ) પરમાત્મા જ હોય છે, ત્યાં–એ સ્થિતિમાં વિષયોનો અનુભવ કઈ રીતે થાય ? ૫

गगनाकारनिरन्तरहंसस्तत्त्वविशुद्धनिरञ्जनहंसः ।
एवं कथमिह भिन्नविभिन्नं बन्धविबन्धविकारविभिन्नम् ॥६॥

અવધૂત આકાશ જેવા આકારનો–સૂક્ષ્મ, વ્યાપક, નિર્લેપ તથા અંતરવિનાનો પરમાત્માસ્વરૂપ જ થાય છે; તેમ જ તત્ત્વદૃષ્ટિએ અત્યંત શુદ્ધ અને નિરંજન પરમાત્માસ્વરૂપ જ હોય છે; તેથી એમાં ભેદ કે અભેદ કેમ હોય ? તેમ જ બંધ, મોક્ષ કે વિકારોના અનેક ભેદ પણ કેવી રીતે હોય ? ૬

केवलतत्त्वनिरन्तरसर्वं योगवियोगौ कथमिह गर्वम् ।
एवं परमनिरन्तरसर्वं एवं कथमिह सारविसारम् ॥ ७ ॥

અવધૂત કેવળ તત્ત્વરૂપ, અંતરરહિત તથા સર્વસ્વરૂપ હોય છે; તેથી એમાં યોગ, વિયોગ કે ગર્વ કેમ હોય ? એ રીતે સર્વશ્રેષ્ઠ તથા અંતરવિનાનું સર્વ–આત્મસ્વરૂપ છે; એમાં સાર કે અસાર કઈ રીતે હોય ? ૭

केवलतत्त्वनिरञ्जनसर्वं गगनाकारनिरन्तरशुद्धम् ।
एवं कथमिह संगविसंगं सत्यं कथमिह रङ्गविरङ्गम् ॥ ८ ॥

અવધૂતનું સ્વરૂપ કેવળ તત્ત્વરૂપ, નિર્લેપ, સર્વસ્વરૂપ,

આકાશ જેવા આકારનું—વ્યાપક તથા નિરંતર શુદ્ધ હોય છે; એમાં સંગ કે અસંગ કેમ હોય? તેમ જ એ સત્ય જ છે; એમાં રંગ કે રંગનો અભાવ કઈ રીતે હોય? ૮

योगावियोगै रहितो योगी भोगविभोगै रहितो भोगी ।
एवं चरति हि मन्दंमन्दं मनसा कल्पितसहजानन्दम् ॥ ९ ॥

અવધૂત યોગ તથા વિયોગથી રહિત છે, છતાં યોગી છે; અને ભોગ તથા અભોગથી રહિત છે, છતાં ભોગી છે; કેમ કે મનથી નિશ્ચય કરેલા સહજ આનંદસ્વરૂપમાં એમ ધીમેધીમે એ વિચરે છે. ૯

बोधाविबोधैः सततं युक्तो द्वैताद्वैतैः कथमिह मुक्तः ।
सरजा विरजा कथमिह योगी शुद्धनिरञ्जनसमरसभोगी ॥१०॥

જ્ઞાન તથા અજ્ઞાનથી નિરંતરયુક્ત એ યોગી દ્વૈત કે અદ્વૈતથી મુક્ત અહીં કેમ હોય? વળી શુદ્ધ અને નિરંજન સમરસને ભોગવતો એ યોગી રજોગુણસહિત અથવા રજોગુણ-રહિત અહીં કેમ થાય? ૧૦

भग्नाभग्नविवर्जितभग्नो लग्नालग्नविवर्जितलग्नः ।
एवं कथमिह सारविसारः समरसतत्त्वं गगनाकारः ॥ ११ ॥

એ યોગી ભાંગેલા કે નહિ ભાંગેલાથી રહિત છતાં ભાંગેલો છે; અને લાગેલા કે નહિ લાગેલાથી રહિત છતાં લાગેલો છે; એમ એમાં સાર કે અસાર કેમ હોય? કેમ કે એ તો સમાન રસવાળું તત્ત્વ જ છે અને આકાશ જેવા આકારનો (વ્યાપક તથા નિર્લેપ) છે. ૧૧

सततं सर्वविवर्जितयुक्तः सर्वं तत्त्वविवर्जितमुक्तः ।
एवं कथमिह जीवितमरणं ध्यानाध्यानैः कथमिह करणम् ॥१२॥

એ યોગી નિરંતર સર્વથી રહિત છતાં સર્વથી યુક્ત અને